
# હૅરલ્ડ લૅસ્કી

## જન્મશતાબ્દી વંદના



પુરુષોત્તમ ગણેશ માવળંકર

GJ
891.478
B 469 H

હૅરલ્ડ લૅસ્કી ઈન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ
વાદ

# હૅરલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ

હૅરલ્ડ લૅસ્કી ઈન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ, અમદાવાદની સ્થાપના તા. ૧૫ ઑગસ્ટ ૧૯૫૪ને રોજ સ્વતંત્ર ભારતની લોકસભાના પ્રથમ અધ્યક્ષ માનનીય શ્રી ગણેશ વાસુદેવ માવળંકરના મંગલ પ્રવચનથી થઈ. રાજ્યશાસ્ત્ર, નાગરિકશાસ્ત્ર તથા અન્ય સામાજિક શાસ્ત્રોનો અને માનવવિદ્યાઓનો પદ્ધતિસર અને વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવા જરૂરી પ્રેરણા, ઉત્તેજન, માર્ગદર્શન અને સગવડો સુલભ કરી આપવાનો આ સંસ્થાનો હેતુ છે. રાજકારણના તથા જાહેર જીવનના પ્રશ્નો અને પડકારોનો શાસ્ત્રીય અભ્યાસ અને ચર્ચા-વિમર્શ કરવાનો ઉદ્દેશ રાખ્યો હોવાથી આ સંસ્થા શૈક્ષણિક અને બિનપક્ષીય રહી છે. રાજકારણની તેમ જ અન્ય પ્રવર્તમાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ તથા સમસ્યાઓ વિષે લોકસમજ કેળવવી, અભ્યાસ તથા સંશોધનને પ્રોત્સાહન આપવું, સામાન્ય નાગરિકને પણ સમાજના પ્રશ્નો અંગે સાચી સમજ કેળવવા સભાન અને સક્રિય કરવો એ ઉદ્દેશો વડે આ સંસ્થા વિવિધ પ્રવૃત્તિઓ કરી રહી છે. સંસ્થા એક વાચન-ખંડ ધરાવે છે. સભ્યો માટે પ્રચલિત રાજકીય તેમ જ જાહેર બાબતો અને સંબંધક સમાજ-ધારાઓ પર વાર્તાલાપો અને જ્ઞાનચર્ચાઓ નિયમિતપણે યોજવામાં આવે છે. ઉપરાંત, નિષ્ણાતો અને અભ્યાસીઓનાં વ્યાખ્યાનો અને વાર્તાલાપો વખતોવખત ગોઠવવામાં આવે છે. વળી, સંસ્થા તરફથી પ્રકાશનો પણ અવારનવાર બહાર પાડવામાં આવે છે.

**રાજકારણનાં કોઈ પાસાં પર સંસ્થા પોતાનો એવો અભિપ્રાય કે મત દર્શાવતી નથી.**

**સ્વયંસ્વીકૃત નીતિ તરીકે, સંસ્થા પોતાના નિભાવ માટે સરકારી કે બીજી કોઈ આર્થિક સહાય કે અનુદાન સ્વીકારતી નથી.**

પ્રા. પુરુષોત્તમ ગણેશ માવળંકર લૅસ્કી ઈન્સ્ટિટ્યૂટના સ્થાપક-નિયામક છે, અને શ્રીમતી પૂર્ણિમા પુ. માવળંકર, એમ. એ., સહ-સ્થાપક છે.

ઇન્સ્ટિટ્યૂટનું રોજબરોજનું વહીવટી કાર્ય, પ્રકાશન-કાર્ય અને કાર્યક્રમો ગોઠવવા વગેરે વિવિધ પ્રવૃત્તિઓ પગારદાર કર્મચારીઓ વડે નહિ પણ સ્વૈચ્છિક કાર્યકરો દ્વારા ચાલે છે. સંસ્થાના આવા સ્વૈચ્છિક કાર્યકરગણને પ્રતિ માસ માનધન અપાય છે. અલબત્ત, પ્રાધ્યાપક અને શ્રીમતી માવળંકર ઇન્સ્ટિટ્યૂટના પ્રારંભકાળથી જ સંપૂર્ણપણે અવેતન કામગીરી બજાવે છે અને કોઈ પ્રકારનું માનધન સુધ્ધાં લેતાં નથી.

* * *

# હૅરલ્ડ લૅસ્કી

## જન્મશતાબ્દી વંદના

પુરુષોત્તમ ગણેશ માવળંકર

"शास्त्रप्रयोजनं तत्त्वदर्शनम्" ॥

[ Realization of Truth is the aim of Science ]

હૅરલ્ડ લૅસ્કી ઈન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ
અમદાવાદ
૧૯૯૩

પ્રકાશન ક્રમાંક - ૧૪૯

કિંમત રૂા. ૨૫/-

લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટનું એકસો ઓગણપચાસમું પ્રકાશન

© હૅરલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ

૩૦ જૂન ૧૯૯૩
[ પ્રોફેસર હૅરલ્ડ લૅસ્કીનો જન્મશતાબ્દી દિન ]

પ્રત : ૧૦૦૦

કિંમત : ૨૫ રૂપિયા


Library IIAS, Shimla
GJ 891.478 B 469 H
00130207

સંસ્થાનાં નિયમો અને પ્રણાલિકાઓ મુજબ, રાજકારણનાં કોઈ પાસાં પર લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ પોતાનો એવો અભિપ્રાય કે મત દર્શાવતી નથી. એટલે, આ પ્રકાશનમાં દર્શાવાયેલા વિચારો ઇન્સ્ટિટ્યૂટના છે એમ માનવાને કારણ નથી.

Acc. No. 130207
Date 6-9-2010
SIMLA
G.J
891.478
B 469 H

મુદ્રક સાહિત્ય મુદ્રણાલય, સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ
અમદાવાદ - 380 022 ફોન : 54726-27-28

પ્રકાશક : શ્રીમતી પૂર્ણિમા પુ. માવળંકર, એમ.એ., સહ-સ્થાપક, હૅરલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ, 'પ્રગતિ' આઉટ હાઉસ મહારાષ્ટ્ર સોસાયટી, એલિસ બ્રિજ, અમદાવાદ - 380 006
ફોન : 441482



હેરલ્ડ જોસફ લેસ્કી

લંડનમાંના પોતાના નિવાસસ્થાન ‘ડેવન લૉજ’ના
અભ્યાસખંડમાં વાચનમગ્ન વિશ્વવિખ્યાત અધ્યાપક

જન્મ : ૩૦ જૂન ૧૮૯૩ ]
મૅન્ચેસ્ટર

[ મૃત્યુ : ૨૪ માર્ચ ૧૯૫૦
લંડન

# હૅરલ્ડ લૅસ્કી

## જન્મશતાબ્દી વંદના

માનવસમાજમાં, તેમાંય ખાસ કરીને લોકશાહી રાષ્ટ્રમાં, શિક્ષકનું સ્થાન વિશિષ્ટ અને મહત્ત્વપૂર્ણ છે. શિક્ષકની ભાવના અને ભૂમિકા બન્ને ખૂબ આગત્યની છે. શિક્ષક એટલે સચ્ચાઈ અને સન્નિષ્ઠાની જીવંત આકૃતિ ! સાચા શિક્ષકની એક આંખમાં અમી છે, તો બીજીમાં શિસ્ત-પ્રીતિ છે. વૃત્તિએ શિક્ષક વિચારશીલ અને વિનયી છે, તો પ્રવૃત્તિએ તે વિદ્યાવ્યાસંગી છે. સારો શિક્ષક હંમેશ વિદ્યાર્થી-વર્ગ પ્રત્યે સ્વાભાવિક કૂણું વલણ ધરાવે છે. વિદ્યાર્થીને વહાલપૂર્વક સમજવા શિક્ષક આતુર હોય છે; વિદ્યાર્થીને આત્મીયતાથી ભણાવવા શિક્ષક ઉત્સુક રહે છે.

જેમ ભાઈબહેન વચ્ચેની પ્રેમસગાઈ અનેરી છે તેમ શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેની આત્મીયતા પણ એક અનોખી અનુભૂતિ છે. તેમાંય જો કોઈ શિક્ષકમાં વિદ્વત્તા અને ચારિત્ર્ય ઉપરાંત સહૃદયતા તથા અથાગ પરિશ્રમ કરવાની વૃત્તિ હોય, પ્રખર ધ્યેયવાદ અને સ્વાભાવિક વાત્સલ્યભાવ હોય, સમાજમાંનાં વિવિધ પરિબળો તથા જુદા જુદા પ્રવાહો વિષે ઊંડી સમજ હોય તો તેવો શિક્ષક કેવળ સંકુચિત અર્થમાં પોતાના વર્ગના જ વિદ્યાર્થીઓનો શિક્ષક ન રહેતાં વિશાળ અર્થમાં અને વ્યાપક પટ પર સમગ્ર સમાજનો, આખી પ્રજાનો, શિક્ષક બની રહે છે.

આમ જુઓ તો, સાચો શિક્ષક સ્વભાવતઃ અને સ્વાભાવિક ક્રમે, લોકશિક્ષક બની રહે છે તેમ લોકનેતા પણ ! શિક્ષકની વૃત્તિ અને વર્તણૂકમાં નેતાગીરીનાં તત્ત્વો આપોઆપ જ વણાયેલાં હોય છે. વિદ્યાર્થીઓને, એટલે કે ઊછરતી પેઢીને, એ દોરવણી આપે છે; યુવાન પેઢીને યોગ્ય દિશાસૂચન કરે અને સમયસર સુયોગ્ય રીતે વાળે એ સાચો શિક્ષક ! જેમ માતા પોતાના સંતાનને હેત આપે છે અને ઘરમાં તથા કુટુંબમાં એને સરસ ઉછેરે છે તેમ શિક્ષક પોતાના વિદ્યાર્થીને હૂંફ આપે છે, એ કશુંક ખોટું કે ખરાબ કરવા જતો

હોય તો એને રોકે છે, પ્રેમપૂર્વક ટકોરે છે; શિક્ષક એટલે વિદ્યાર્થી-વર્ગનો પ્રેરક અને પથદર્શક સુકાની ! વિદ્યાર્થીઓની ચેતનાને શિક્ષક જગાવે છે, વિદ્યાર્થીઓની સ્વતંત્રતાને સ્વીકારે છે અને સન્માને છે; વિદ્યાર્થીઓની વિશેષતાને ઉત્તેજે છે અને પોષે છે. વિદ્યાર્થી પોતાની મેળે વિચાર કરતો થાય, સ્વતંત્રપણે બુદ્ધિને કસતો રહે, પોતાના પગ ઉપર ટટ્ટાર ઊભા રહેવાને સુસજ્જ બને, પોતાને જે સત્ય અને સારું લાગે તેને દૃઢ સંકલ્પ સાથે વરેલા રહેવાનાં હિમ્મત-હરખ રાખે, એ માટે શિક્ષક અવિરત પ્રયત્નશીલ હોય છે. જે સમાજમાં શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે આવો સર્વતોમુખી સંબંધ બંધાયેલો હોય એ સમાજ લોકશાહીયુક્ત, પ્રગતિશીલ અને સુસ્થિર બને જ !

☆ ☆ ☆

મારા સદ્‌ભાગ્યે, બાળમંદિરથી માંડીને મહાવિદ્યાલય અને વિશ્વવિદ્યાલય સુધીનાં તમામ સ્તરે અનેક ઉમદા અને ઉત્તમ શિક્ષકોની હૂંફ અને દોરવણી મને મળી. એની વિગતો અને નામાવલિ અહીં આપવાની લાલચ રોકું છું. ઔપચારિક અને વિધિસરના શિક્ષણ ઉપરાંત, જિંદગીની ભરજુવાનીમાં મને બે મહાન શિક્ષકોની મધુર છાયાનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ પાર વગરનો મળ્યો એને હું પરમ ભાગ્ય સમજું છું - પાંડુરંગ સદાશિવ સાને ગુરુજીનો નિકટથી પરિચય સને ૧૯૪૬ના મે માસમાં થયો; સને ૧૯૫૦ની ૧૧ મી જૂને સાને ગુરુજીએ અણધારી અને એકાએક ચિરવિદાય લીધી ત્યાં સુધીમાં તો એમની સાથેનો મારો નાતો સારો એવો ઉત્કટ અને ઉષ્માભર્યો બની રહેલો. ગુરુજીના અકાળ દેહાવસાનને ૪૩ વર્ષ ઉપરાંતનો સમય વહી ગયા છતાં એમની વહાલસભર વિનમ્ર મૂર્તિ આજે પણ મારી નજર સમક્ષ એવી જ તાજી અને તેજસ્વી સ્વરૂપે તરવરે છે !

રાજ્યશાસ્ત્રના જગપ્રસિદ્ધ પ્રાધ્યાપક અને માર્મિક ચિંતક તથા મૌલિક લેખક પ્રોફેસર હૅરલ્ડ જોસફ લૅસ્કીના માર્ગદર્શન હેઠળ લંડનમાં ઉચ્ચ અભ્યાસ અને સંશોધન કરવાનાં સપનાં હું કૉલેજકાળના પહેલા વર્ષથી જ

સેવતો હતો. સમાજવિદ્યાઓના સઘન અભ્યાસ માટે વિશ્વભરમાં વિખ્યાત એવી લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સ ઍન્ડ પોલિટિકલ સાયન્સમાં પ્રવેશ મેળવવાના અને હૅરલ્ડ લૅસ્કીના હાથ તળે વિશેષ વિદ્યાભ્યાસ કરવાના મારા કોડ હતા. લૅસ્કીના 'એ ગ્રામર ઑફ પૉલિટિક્સ' તથા બીજા અનેક ગ્રંથોએ દુનિયાભરમાં અસંખ્ય વિદ્યાર્થી ભાઈબહેનોને અનેરું કામણ કર્યું હતું. મારા પર પણ લૅસ્કીની લોહચુંબક સમી અસર મહાવિદ્યાલયમાંનાં ચાર વર્ષોમાં જાદુઈ રીતે વધતી રહેલી. સારા નસીબે, લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સમાં મને પ્રવેશ તો મળ્યો, પણ ઑક્ટોબર ૧૯૫૧માં શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષે હું લંડન સ્કૂલમાં દાખલ થાઉં તે પહેલાં જ, કમનસીબે, પ્રોફેસર હૅરલ્ડ લૅસ્કીનું દુઃખદ અવસાન થયું ! સાને ગુરુજીની જેમ પ્રાધ્યાપક લૅસ્કી પણ અચાનક અને અકાળે ચાલ્યા ગયા ! ૨૪મી માર્ચ ૧૯૫૦ને રોજ લંડનમાં લૅસ્કીનું મૃત્યુ થયું ત્યારે લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સમાં જ માત્ર નહીં પણ સમગ્ર વિશ્વમાંના વિદ્યા-જગતમાં સહુએ ભારે આંચકો અને ખાલીપો અનુભવ્યો ! હૅરલ્ડ લૅસ્કીનાં પ્રત્યક્ષ દર્શન હું કાયમ માટે ચૂકી ગયો, અને લૅસ્કીના શિષ્ય બની રહેવાની તમન્ના મનમાં જ રહી ગઈ !

☆ ☆ ☆

મુંબઈથી 'પી. ઍન્ડ ઓ.'ના જહાજ 'સ્ટ્રૅથીડન'માં હું લંડન ભણી ઊપડ્યો, ત્રણેક અઠવાડિયાંની દરિયાઈ મુસાફરી બાદ સપ્ટેમ્બર ૧૯૫૧ની આખરમાં લંડન પહોંચ્યો. અમદાવાદથી ઘેરથી નીકળતાં પહેલાં જ મેં મનોમન ઠરાવેલું કે પ્રોફેસર લૅસ્કીના લંડનના ઘરે જઈ, એમનાં ધર્મપત્નીને મળી, સદ્‌ગત હૅરલ્ડ લૅસ્કીની પુણ્ય-સ્મૃતિને સાદર વંદના કરીને પછી લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સમાંની મારી વિદ્યાકીય યાત્રાનો પ્રારંભ કરવો ! એટલે મેં શ્રીમતી ફ્રીડા લૅસ્કીને અગાઉથી પત્ર લખેલો, મુલાકાત માટે સમય માગેલો. લંડન પહોંચતાં જ મને ફ્રીડા લૅસ્કીનો સ્નેહ-સૌજન્યભર્યો પત્ર જવાબરૂપે મળ્યો તે જોઈ મેં પ્રસન્નતા અનુભવી. લંડનની 'હાઈ સ્ટ્રીટ કેન્સિન્ગટન'ની લગભગ છેડે આવેલ 'ઍડિસન બ્રિજ'ને ઓળંગી, ડાબી

તરફની નાની ગલીમાં 5, Addison Bridge Place પર આવેલ લૅસ્કીના નિવાસસ્થાન 'Devon Lodge'ના પ્રવેશદ્વારે હું જઈ ઊભો, ને 'ડોર બેલ' મારતાં જ ફ્રીડા લૅસ્કીએ બારણું ખોલ્યું, અને મને ઉમળકાભેર આવકાર્યો ! હૅરલ્ડ લૅસ્કીને મેં કદી જોયા નહોતા, છતાં જાણે હૅરલ્ડ લૅસ્કીને જ હું નિહાળી ન રહ્યો હોઉં એવા રોમાંચ સાથે હું ભાવવિભોર બન્યો! ફ્રીડા લૅસ્કી સાથે એમના ઘેર સહેજે કલાક દોઢ કલાક બેઠો, અને અમે ઘણી વાતો કરી. એમણે મને લૅસ્કીનું મરણોત્તર, તાજું જ, પ્રગટ થયેલું પુસ્તક "Reflections on the Constitution" સપ્રેમ ભેટ આપ્યું; લૅસ્કીના ઘરમાં રસોઈ અને ગૃહકાર્ય કરતી ભલી ડોશી ગ્લૅડિસે મને પ્રેમપૂર્વક અને આગ્રહપૂર્વક ચા-નાસ્તો આપ્યાં. મારી તો આ પ્રથમ જ મુલાકાત હતી, પણ જાણે વર્ષોનો અમારો સ્નેહસંબંધ હોય એવો ભાવ ફ્રીડા લૅસ્કીના અને મારા દિલમાં પ્રગટ્યો.

સાચે જ, પૂર્વજન્મના કશાક પુણ્ય સંસ્કાર હશે એટલે પ્રોફેસર હૅરલ્ડ લૅસ્કીના કુટુંબ સાથે મારો ગાઢ જીવનતંતુ તરત સ્થપાયો, અને ઉત્તરોત્તર એ વધતો રહ્યો ! લંડનમાં પ્રથમ ત્રણ અઠવાડિયાં હું 'બેઝવૉટર' વિસ્તારમાં એક સામાન્ય અતિથિ-ગૃહમાં ભાડેથી રહ્યો; પછી, સુંદર આલીશાન વિસ્તાર 'ગોલ્ડર્સ ગ્રીન'માંના એક સરસ મઝાના ફ્લૅટમાં ત્રણ માસ ભાડુઆત તરીકે રહ્યો. [ એ ફ્લૅટમાં બે અમેરિકન બંધુઓ, એક ઉત્તર ભારતીય શીખ ડૉક્ટર, અને અમદાવાદમાંના મારા નિકટના સ્નેહી બલકે મોટા ભાઈ જેવા ડૉ. વસંત વાણી સાથે હું રહેતો.] એ ફ્લૅટ અમને ત્રણ મહિના પૂરતો જ મળેલો. ત્યાર પછી ક્યાં રહેવા જવું એની વિમાસણમાં અને શોધમાં હું હતો ત્યાં જ શ્રીમતી ફ્રીડા લૅસ્કીએ સામે ચાલીને મને 'ડેવન લૉજ'માં એમના paying guest તરીકે રહેવાનું નોતરું આપ્યું એટલે હું ખૂબ હરખાયો. લૅસ્કી કુટુંબની નાણાંકીય પરિસ્થિતિ સામાન્ય જ હતી, અને શ્રીમતી ફ્રીડા લૅસ્કીને એમની એકલતા ટાળવાને કોઈક સારા સંગાથની પણ જરૂર હતી, એટલે એમણે મારા પર પસંદગી ઉતારી. પાંચેક અઠવાડિયાં આ રીતે લંડનમાં ફ્રીડા લૅસ્કીને ઘેર હું રહ્યો. જોતજોતામાં અમારો ઋણાનુબંધ સુદૃઢ થયો. ઉનાળાની રજાઓમાં હું બે મહિના માટે ભારત પાછો આવ્યો તે પહેલાં 'ડેવન લૉજ'માં એક સાંજે ગ્લૅડિસ

ડોશીમાએ મને કાનમાં વહાલપૂર્વક કહ્યું : "લૅસ્કીસાહેબ અત્યારે જીવતા હોત તો તમને પુત્ર તરીકે જરૂર દત્તક લેત!" મારી આંખો ભીની થઈ, હૈયું ઊભરાયું; કોણ જાણે કેમ, પણ એ જ સાંજે ફ્રીડા લૅસ્કીએ મને મીઠો આગ્રહ કર્યો કે, 'વેકેશન' બાદ મારી પત્ની સૌ. પૂર્ણિમા સાથે હું લંડન પાછો આવું ત્યારે અમારે બન્નેએ 'ડેવન લૉજ'માં જ રહેવાનું છે ! આમ, એક સવા વર્ષનો વધુ નિવાસ લૅસ્કીના ઘરમાં થયો, અને ત્યાર પછી પણ જ્યારે જ્યારે હું લંડન ગયો ત્યારે લૅસ્કીને ઘેર અચૂક જતો. આનું નામ લેણાદેણી !

☆ ☆ ☆

સુખદ અકસ્માતે, આમ, હૅરલ્ડ લૅસ્કીને ઘેર રહેવાનો અપૂર્વ લહાવો મને મળ્યો એથી હું પ્રોફેસર લૅસ્કીના અસામાન્ય જીવનને પરોક્ષ રીતે છતાં જીવંતપણે જોઈ શક્યો; શ્રીમતી ફ્રીડા લૅસ્કી સાથેના ઘરોબાને લીધે પ્રોફેસર લૅસ્કી વિષેની ઘણી બધી મહત્ત્વની અને રસભરી જાણકારી હું મેળવી શક્યો. ફ્રીડાના મુખે સાંભળેલી આવી અનેક અંગત વાતોથી પ્રોફેસર લૅસ્કી પોતે જાણે મારી સમક્ષ જીવંત બની રહ્યા ! હૅરલ્ડ લૅસ્કીની માણસાઈ અને મહત્તાનાં કોઈ ક્ષિતિજ જ નહોતાં ! આજન્મ અધ્યાપક એવા હૅરલ્ડ લૅસ્કી ચુસ્ત સમાજવાદી, પ્રખર સમાજસુધારક, સમર્થ ચિંતક હતા. સાથી અધ્યાપકો જોડે, અને વધુ તો પોતાનાં વિદ્યાર્થી ભાઈબહેનો સાથે, પ્રોફેસર લૅસ્કી સહજપણે હળીમળી જતા. વિદ્યાર્થીઓને એ કેવળ ભણાવતા જ નહીં, એમના જીવનને સુયોગ્ય પંથે વાળતા, અને જે કોઈ વિદ્યાર્થીને શિક્ષણ-ફી, પુસ્તકો આદિ માટે નાણાંની મુશ્કેલી હોય તેને પ્રોફેસર લૅસ્કી બધી રીતે મદદ કરી છૂટતા ! કોઈ પુસ્તકવિક્રેતાને ત્યાં ચોપડીઓ જોવા-ખરીદવામાં લૅસ્કી ગૂંથાયેલા હોય ત્યાં જો એમનો, કે અન્ય પણ કોઈ, વિદ્યાર્થી હોય તો તેને અનેક જોવાલાયક પુસ્તકો બતાવતા, એટલું જ નહીં પણ તરત ખરીદીને ભેટ આપતા ! હૅરલ્ડ લૅસ્કીનો વિદ્યાવ્યાસંગ અદ્‌ભુત હતો ! એમનું અંગત ગ્રંથાલય અતિ સમૃદ્ધ અને વૈવિધ્યસભર હતું; એનો સારો એવો લાભ લેવાની સોનેરી તક મને સાંપડી. લૅસ્કીના અવસાન બાદ, એ આખો

ગ્રંથ-સંગ્રહ એમના અમેરિકન મિત્રોએ અને ચાહકોએ ખરીદી લીધો, એનાં બધાં નાણાં શ્રીમતી લૅસ્કીને આપ્યાં, અને બધા ગ્રંથો બારોબાર લંડન સ્કૂલ ઑફ ઈકૉનૉમિક્સના ગ્રંથાલયને ભેટ મોકલી આપ્યા. ફીડા લૅસ્કીની નબળી નાણાંકીય સ્થિતિનો નિકટના સ્નેહીઓને ખ્યાલ હતો તેથી જ એમણે આ રીતે પરોક્ષ સહાય કરી. ફીડા માટે એ ખૂબ સમયસરની અને નિશ્ચિંતકારક બની રહી.

શિક્ષણ ઉપરાંત જાહેર જીવનમાં અને રાજકીય ક્ષેત્રમાં પણ પ્રોફેસર લૅસ્કી ખૂબ સક્રિય હતા. સાચા અને પૂરા અર્થમાં હૅરલ્ડ લૅસ્કી અનોખા લોકશિક્ષક હતા. અધ્યયન-અધ્યાપનની સાથે સાથે લૅસ્કીએ લેખન-પ્રવચનનું કાર્ય પણ અવિરત ચલાવ્યું. સ્વાતંત્ર્યના તેઓ ઉત્કટ હિમાયતી હતા અને સમાનતાના ઉત્સાહી પુરસ્કર્તા હતા. અન્યાય, અસત્ય, શોષણવૃત્તિ વિરુદ્ધ એમણે આજીવન ભગીરથ લડત ચલાવી. લોકશાહી સમાજનાં શાશ્વત મૂલ્યો પર એમણે સતત ભાર મૂક્યો. પોતાના વિચારો અને આદર્શો વિશદતાથી અને વિસ્તારપૂર્વક વ્યક્ત કરતા રહેવાની તાલાવેલી સાથે એમણે વિપુલ સાહિત્ય નિર્માણ કર્યું. લેખન-વ્યવસાયને એમણે અનિવાર્ય જીવનધર્મ માન્યો. આરામખુરશીમાં બેસીને વાંચવા-લખવાની મોજ માણવા ખાતર, કે પોતાની અટૂલી મઝાની મઢૂલીમાં એકલા બેઠા રહીને શબ્દોનો ધોધ વહેવડાવવા માટે, લૅસ્કીએ કિતાબ કે કલમ કદી હાથમાં લીધાં નહોતાં. એમને માટે વાચન-લેખન-પરિશીલન એ એક આહ્વાન હતું; એનો આહ્લાદ એમણે જરૂર માણ્યો, પરંતુ 'કલા ખાતર કલા' કરતાં 'જીવન ખાતર કલા'ની મથામણ અને મસ્તી એમણે ખુમારીથી જીવી બતાવી. પરિણામે વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓ ઉપરાંત રસિકજનોએ અને સર્વસામાન્ય વાચકોએ પણ લૅસ્કીનાં અનેકવિધ લખાણો હોંશે હોંશે વાંચ્યાં અને રસપૂર્વક પચાવ્યાં. લૅસ્કીની લેખનશૈલીમાં કોઈ ઑર જ જોસ્સો હતો; એ શૈલી સરળ, પ્રવાહી અને હૃદયમાં સોંસરવી ઊતરી જાય એવી હતી. પ્રોફેસર લૅસ્કી બ્રિટિશ મજૂર પક્ષના સક્રિય સભ્ય દસકાઓ સુધી રહ્યા હતા, અને પક્ષની રાષ્ટ્રીય કારોબારીના સભ્ય પણ ઘણાં વર્ષ રહેલા;

બીજા વિશ્વયુદ્ધના અંતે, જુલાઈ ૧૯૪૫માં, બ્રિટિશ લેબર પાર્ટીની જબરજસ્ત બહુમતીવાળી સરકાર ક્લેમન્ટ ઍટલીના વડાપ્રધાનપદ હેઠળ સ્થપાઈ ત્યારે પ્રોફેસર લૅસ્કી સત્તાધારી મજૂર પક્ષના ચેરમેન તરીકેનું મહત્ત્વપૂર્ણ પદ શોભાવતા હતા. પોતાના સ્વતંત્ર અને આગ્રહભર્યા મિજાજને કારણે, એ વર્ષોમાં લૅસ્કી અને ઍટલી વચ્ચે મતભેદ અને ખટરાગ પણ ઠીકઠીક થયેલા. એક મોટા રાજકીય પક્ષના ક્રિયાશીલ સભ્ય હોવા છતાં હૅરલ્ડ લૅસ્કીનું વ્યક્તિત્વ કોઈ એક રાજકીય પક્ષમાં જ સમાઈ જાય એવું નહોતું. પક્ષની બહાર અને ઉપરવટ તેઓ જઈ અને જોઈ શક્તા. સૌથી મહત્ત્વની બાબત તો એ હતી કે હૅરલ્ડ લૅસ્કીમાં અપાર ઉદારતા, અમાપ સહાનુભૂતિ, ઊંડી સંવેદનશીલતા અને નિર્ભેળ નિસ્વાર્થ વૃત્તિનાં દર્શન પળે પળે થતાં હતાં. ખેર, મહાસાગરની વિશાળતા હું ક્યાં સુધી અને કઈ રીતે વર્ણવું ?

☆ ☆ ☆

હૅરલ્ડ જોસફ લૅસ્કીનો જન્મ તા. ૩૦ જૂન ૧૮૯૩ને રોજ, ઈંગ્લેન્ડમાંના પ્રસિદ્ધ કાપડ ઉદ્યોગ અને વેપારના શહેર મૅન્ચેસ્ટરમાં એક શ્રીમંત યહૂદી કુટુંબમાં થયો. પિતા નાથન લૅસ્કી મૅન્ચેસ્ટરના આગેવાન નાગરિક અને વિનીત નેતા હતા. કાપડની આયાત-નિકાસનો એમનો વ્યવસાય અને વેપાર હતો; એ કારણે તેમણે ૪૯ વાર ભારતની મુલાકાત લીધેલી ! આમ, જન્મથી અને જન્મ પહેલાં પણ હૅરલ્ડ લૅસ્કીનો ગાઢ સંબંધ ભારત સાથે બંધાઈ ચૂકેલો! પિતાએ ભારતીય ઉપખંડ સાથેના વેપારમાં વિપુલ ધનની કમાણી કરી; આગળ જતાં પુત્રે ભારતવર્ષ સાથે સાચી મૈત્રી સ્થાપીને ભારતીય સ્વાતંત્ર્ય માટે પોતાનાથી બનતી ઝુંબેશ બ્રિટનમાં ઉત્કટપણે ચલાવીને ભારતીય ભૂમિમાંથી વ્યાપક મિત્રધન મેળવ્યું ! જાણે પિતાની વેપાર-ધંધાની તથા અનિવાર્ય એવી શોષણ રીતિનીતિનો પશ્ચાત્તાપ થતો હોય તેમ આ બળવાખોર પુત્રે બદલામાં ભારતને માટે પોતાનાથી જે કાંઈ અપાય તે બધું છૂટથી અને લખલૂટ આપ્યું - ભાષણો, લખાણો અને બીજાં પ્રચાર-સાધનો તથા

માધ્યમોનો લગાતાર અવલંબ કરીને હૅરલ્ડ લૅસ્કીએ ભારતનાં સ્વાતંત્ર્ય અને સ્વમાનની તરફેણમાં બ્રિટનમાં શિક્ષિત પ્રજામત કેળવ્યો; સ્વાતંત્ર્યપૂર્વ ભારતમાં જે ચુનંદા બ્રિટિશરો ભારતના દિલોજાન દોસ્ત અને ભારતીય સ્વતંત્રતાના દૃઢ હિમાયતી તરીકે પંકાયા એમાં હૅરલ્ડ લૅસ્કીનું નામ મોખરાની હરોળમાં મૂકવું પડે ! મજૂર પક્ષની ઍટલી સરકારના સમયમાં ભારત સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ઉદય પામ્યું એનાથી લૅસ્કીનું હૈયું ઉલ્લાસ અને ગૌરવથી ઉભરાયું. તત્કાલીન ભારતીય નેતાઓ પૈકીના અનેક સાથે લૅસ્કીની મિત્રતા હતી; મહાત્મા ગાંધી વિષે એમને ઘણું માન હતું તેમ કેટલાક પાયાના મતભેદો પણ હતા; પંડિત જવાહરલાલ નેહરુ સાથે એમને ઠીક ઠીક ગાઢ સ્નેહપરિચય રહેલો; વી.કે. કૃષ્ણ મેનન તો લંડનમાં લૅસ્કીના પ્રિય વિદ્યાર્થી અને પછી વિશ્વાસુ સહકાર્યકર તથા અતિ નિકટના સાથી રહ્યા હતા. સ્વતંત્ર ભારતની મુલાકાત લેવાનું લૅસ્કીને ખૂબ મન હતું, અને ૧૯૫૦ના ઑક્ટોબર માસમાં તેઓ કેટલીક ભારતીય યુનિવર્સિટીઓમાં વ્યાખ્યાનો આપવા માટે આવવાના હતા. એ માટેનાં સત્તાવાર નિમંત્રણોનો એમણે સાભાર અને સહર્ષ સ્વીકાર પણ કરેલો. પરંતુ, વિધિને એ મંજૂર નહોતું; ૧૯૫૦ના જ વર્ષમાં ૨૪મી માર્ચે હૅરલ્ડ લૅસ્કી ચિરનિદ્રામાં પોઢી ગયા !

હૅરલ્ડનું બાળપણ અને હાઈસ્કૂલનું શિક્ષણ મૅન્ચેસ્ટરમાં પસાર થયું. મૅન્ચેસ્ટર ગ્રામર સ્કૂલમાં તેઓ ભણ્યા. આ શાળામાંની એમની કારકિર્દી ઉજ્જ્વળ હતી. શાળાંત પરીક્ષા ઉત્તમ રીતે પસાર કરીને હૅરલ્ડે ઑક્સફર્ડ યુનિવર્સિટીની ન્યૂ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. વિશ્વવિખ્યાત ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં હૅરલ્ડે અનેકવિધ વિદ્યાકીય સિદ્ધિઓ પ્રાપ્ત કરી. ઑક્સફર્ડમાં રહીને એમણે આધુનિક ઇતિહાસનો વિશેષ અભ્યાસ કર્યો. રાજ્યશાસ્ત્રના ખ્યાતનામ પ્રાધ્યાપક સર અર્નેસ્ટ બાર્કરના તેઓ પ્રિય શિષ્ય હતા. ૧૯૧૩ની સાલમાં હૅરલ્ડને યુનિવર્સિટીનું 'બીટ' પારિતોષિક એનાયત થયું. અગાઉ મૅન્ચેસ્ટરમાં કિશોર હૅરલ્ડે એક આશાસ્પદ અને તેજસ્વી વિદ્યાર્થી તરીકેની નામના મેળવી જ હતી. મૅન્ચેસ્ટરમાં યહૂદી લોકોની વસ્તી અને અસર સારી એવી હતી. પણ યહૂદી ધર્મના કોઈ રિવાજો કે એ પંથની રૂઢીઓ હૅરલ્ડના જીવનને ખાસ સ્પર્શી ન શક્યાં. સાંપ્રદાયિક માન્યતાઓ અને

સંકુચિત ખ્યાલો પ્રત્યે હૅરલ્ડ લૅસ્કીને આજીવન નફરત હતી. પોતે કોઈ ધર્મના કે સંપ્રદાયના યા પંથના અનુયાયી નથી એમ હૅરલ્ડે સાફ સાફ જાહેર કર્યું. અંધશ્રદ્ધાથી એ કદી પીડાયા નહીં. પુનર્જન્મમાં તેઓ માનતા નહોતા; આવતા જન્મ અંગેની તર્ક-વિચારણામાં એમને કદી કશો રસ નહોતો. હૅરલ્ડ લૅસ્કી તો વર્તમાનકાળમાં જ રચ્યાપચ્યા રહ્યા; અને, વર્તમાનમાં જ એટલું બધું દુઃખ અને શોષણ તથા દીનતા અને અસહાયતા એમણે જોયાં કે એમનો ધર્મ તો આવા દર્દભર્યા વર્તમાનને જ આમૂલ બદલીને, આદર્શ શોષણવિહીન સમાજ રચવાનો બની રહ્યો !

૧૯૦૯ ની સાલમાં, હૅરલ્ડની ઉંમર સોળ વર્ષની હતી ત્યારે, એમના જીવનની એક મહત્ત્વની ઘટના બની. ફ્રીડા કેરી નામની ૨૪ વર્ષની યુવતીનો એમને પરિચય થયો. પ્રથમ દર્શને જ બન્ને એકમેકના પ્રેમમાં પડ્યાં ! જોતજોતામાં એ પ્રેમ-પરિચય ગાઢ પ્રણયમાં અને પછી લગ્નમાં પરિણમ્યો. વિદ્યાર્થી કાળમાં જ હૅરલ્ડ વિવાહબદ્ધ થયા ! ઑક્સફર્ડમાં ન્યૂ કૉલેજમાં હૅરલ્ડ ઇતિહાસના પાઠ ભણે, અને ગ્લાસગો [સ્કૉટલેન્ડ]માં ફ્રીડા સુપ્રજનનશાસ્ત્ર પર પ્રવચનો આપે, પણ બન્ને પત્ર રૂપે રોજ મળે ! હૅરલ્ડ તો ઑક્સફર્ડમાં અભ્યાસ સાથે રોજના બબ્બે કાગળો ફ્રીડાને મોકલે ! રજાઓમાં તો બન્ને મળે જ, પરંતુ ચાલુ અભ્યાસમાંનું આ પ્રેમમિલન કંઈ ઑર જ ! હૅરલ્ડના હસ્તાક્ષર સુંદર અને મરોડદાર પણ ઝીણા હતા; કોઈ પણ બાબત વિષે લખવાનું શરૂ કરે એટલે કલમ એવી ઝડપભેર ચાલે કે પાનાં ને પાનાં ભરાય, અને એ બધાંમાં ક્યાંય કશી છેકછાક ન મળે ! સમગ્ર લખાણ સ્વચ્છ અને સુઘડ ! જોઈને દિલ ખુશ થાય, અને ફ્રીડાનું તો પ્રણય સમયના એ પત્રો વાંચીને વારેવારે છલકાય ! ફ્રીડા પરના હૅરલ્ડના આ પત્રો મને જોવા [વાંચવા નહીં !] મળેલા; શ્રીમતી લૅસ્કીએ જ મને એ બતાવેલા; અને એક દિવસ, ફ્રીડા લૅસ્કીએ એ તમામ પત્રોની થોકડીઓ સજળ નયને બાળી નાખી એનો પણ હું સાક્ષી રહ્યો !

હૅરલ્ડના આવા નિત્ય ઉત્કટ પ્રેમ-પ્રકરણને લીધે એમના અભ્યાસમાં ક્યારેય આંચ આવી હોય એમ ન બન્યું. ન્યૂ કૉલેજમાં એકાગ્ર ચિત્તે તેઓ

ઉચ્ચ અભ્યાસમાં મગ્ન રહેલા. બાર્કર ઉપરાંત મેટલેન્ડ અને ફિશર જેવા વિદ્વાન ઇતિહાસકારો અને પ્રાધ્યાપકોના સમાગમમાં પણ આવવાની હૅરલ્ડને અલભ્ય તક સાંપડી. જૂન ૧૯૧૪માં, ઇતિહાસ મુખ્ય વિષય સાથે હૅરલ્ડે બી. એ.ની ડિગ્રી પ્રથમ વર્ગમાં મેળવી. આ હોશિયાર વિદ્યાર્થીમાં રહેલી કુશાગ્ર બુદ્ધિ અને અસાધારણ સ્મરણશક્તિથી હૅરલ્ડના સહુ શિક્ષકો અંજાઈ ગયેલા. ઑક્સફર્ડમાં ગાળેલાં આ થોડાં વર્ષો હૅરલ્ડ લૅસ્કી માટે કાયમી વિદ્યાકીય સંપત્તિ-સમૃદ્ધિનાં બની રહ્યાં. નાનપણથી જ હૅરલ્ડને વાચનનો ભારે શોખ; વિશ્વવિદ્યાલયીન સમયમાં એમણે એ શોખને વિસ્તારપૂર્વક અને ઊંડાણથી કેળવ્યો; જીવનની છેલ્લી ક્ષણ સુધી હૅરલ્ડ લૅસ્કી વાંચતા-વિચારતા-લખતા-બોલતા રહ્યા. તેઓ કેવળ રાજ્યશાસ્ત્ર તથા અન્ય સમાજવિદ્યાઓના જ પ્રખર અભ્યાસી અને પ્રબુદ્ધ વાચક નહોતા, વિવિધ વિષયોના ગંભીર ગ્રંથોમાં તેમ સાહિત્ય, તત્ત્વજ્ઞાન, ચરિત્ર, નવલકથા વગેરેમાં પણ એમને ઘણી દિલચસ્પી હતી. વાચનની એમની ઝડપ અસામાન્ય જલદ હતી, અને સ્મરણશક્તિ તો એવી અદ્‌ભુત કે જે વાંચ્યું તે બધું યાદ રહી જાય, અને યોગ્ય સમયે એને ટાંકતા રહે ! લૅસ્કીનો વિશાળ અને સમૃદ્ધ ગ્રંથ-સંગ્રહ એમના વિદ્યાવ્યાસંગનું અનેરું દર્શન કરાવનારો હતો; બધી રીતે એ અમૂલ્ય અને આકર્ષક હતો; એમાં કેટલાં બધાં અપ્રાપ્ય અને કીમતી પુસ્તકો હતાં !

હૅરલ્ડ લૅસ્કીનાં લગ્ન ૧૯૧૧ની સાલમાં થયાં. એમની ઉંમર ૧૮ વર્ષની, અને ફ્રીડાની ૨૬ વર્ષની ! ફ્રીડા કેરી સ્કૉટલેન્ડનાં વતની હતાં એટલે લગ્ન સ્કૉટલેન્ડમાં થયાં એ તો ખરું જ; પણ સાચું રહસ્ય એ હતું કે, સ્કૉટિશ કાયદા પ્રમાણે, પરણનાર યુવક-યુવતીને એમનાં માતાપિતાની સંમતિની આવશ્યક્તા નહોતી, એટલે એમણે સ્કૉટલેન્ડમાં જ નાની વયે લગ્ન આટોપી લીધાં ! સને ૧૯૧૧ થી ૧૯૫૦ સુધી - પૂરાં ૩૯ વર્ષ - હૅરલ્ડ અને ફ્રીડાનું દામ્પત્યજીવન મધુર અને સંવાદમય રહ્યું. હૅરલ્ડના પ્રત્યેક મહત્ત્વના કાર્યમાં તેમ લખાણમાં ફ્રીડાએ ઓછેવત્તે અંશે સીધી કે આડકતરી સહાય આપી.

ફ્રીડાની એકધારી હૂંફ અને વ્યવહારુ સલાહ-સૂચનાથી હૅરલ્ડને ઘણું પ્રોત્સાહન મળતું. ૧૯૧૬ની સાલમાં એમને ઘેર પુત્રીનો જન્મ થયો. લૅસ્કી દંપતીનું આ એકમાત્ર અપત્ય ! પુત્રી ડાયાના પર માતપિતાનું અપાર વહાલ; અને ડાયાના પણ એટલી જ વત્સલ અને વફાદાર માતૃ-પિતૃ ભક્ત! ડાયાનાનાં લગ્ન રૉબિન મૅથ્યુસન જોડે થયેલાં. દક્ષિણ ઈંગ્લેન્ડમાંની ડેવનશર યુનિવર્સિટીમાં રૉબિન મૅથ્યુસન ગ્રીક અને લૅટિન ભાષાઓના એક કુશળ અધ્યાપક હતા. મૅથ્યુસન દંપતીને ચાર પુત્રો [ જૉન, માયકલ, રૉબર્ટ, ઍન્ડ્રયૂ ] થયા. હૅરલ્ડ અને ફ્રીડાને પુત્રસુખ ન મળ્યું; પણ પૌત્રસુખ ભરપૂર પ્રાપ્ત થયું ! લંડનમાં ફ્રીડા લૅસ્કીને ઘેર ડાયાનાને અને એના સમગ્ર કુટુંબને અનેક વાર મળવાના પ્રંસગો સૌ પૂર્ણિમાને અને મને પ્રાપ્ત થયા હતા. ૧૯૫૩ના જૂનમાં હું લંડનથી ભારત પાછો ફર્યો ત્યારે ડાયાના 'ડેવન લૉજ'માં હતી. નીકળતાં પહેલાં ડાયાનાએ કૃતજ્ઞ ભાવે મને કહેલું : "મારી માતાના પતિવિયોગનાં પ્રારંભનાં વર્ષોમાં તમે અને પૂર્ણિમા 'ડેવન લૉજ'માં અમારે ઘેર રહ્યાંથી મારી માતાને ખૂબ જ સારુ લાગ્યું ! તમે બન્ને અમારા કુટુંબ સાથે સરસ હળીમળી રહ્યાં એનો આનંદ 'મા'એ મારી આગળ અનેક વાર વ્યક્ત કર્યો. સાચે જ, મારા પિતા આજે હયાત હોત તો એ પણ તમને હરખભેર અપનાવત !" પ્રસન્ન મુદ્રા અને સંતોષસભર મૌન એ જ મારો પ્રતિસાદ બની રહ્યો ! જે મહાન ગુરુ પાસે પ્રત્યક્ષ બેસીને ઉચ્ચ વિદ્યાભ્યાસ અને સંશોધન કરવા હું ખૂબ ઝંખતો હતો તે સુખ તો મને ન મળી શક્યું, પણ નિયતિએ મને હૅરલ્ડ લૅસ્કીના ઘરનો અને પરિવારનો આનંદમય નિવાસી અને સભ્ય બનાવ્યો, અને શિષ્યથીયે વધુ સમીપ એવા આત્મીય જન બનીને ગુરુગૃહે રહેવાની સોનેરી તક આપી ! એથી, તૃપ્તિની અને કૃતાર્થતાની અનન્ય ભાવના અંતરમાં સદૈવ રહી છે.

ઑક્સફર્ડમાં વિદ્યાર્થી અવસ્થા દરમ્યાન હૅરલ્ડ લૅસ્કીના વિચારોમાં ક્રાન્તિની લહેરો પ્રસરવા લાગી હતી. હૅરલ્ડના અભિપ્રાયોમાં અને આગ્રહોમાં એક પ્રકારનો ઉદ્દામવાદી અભિગમ પ્રવેશ્યો. જન્મતઃ તેમનામાં સંવેદનક્ષમતા તો હતી જ; કિશોરાવસ્થા અને યુવાનીમાં તેમની અપ્રતિમ

બુદ્ધિ અને ગ્રહણશક્તિ અનેરી વિકસી, અને પુખ્ત વયે પહોંચ્યા ત્યાં સુધીમાં તો લૅસ્કીની પ્રજ્ઞા પરિપક્વ અને પરિણતશીલ બની રહી ! સમાજના વિવિધ પ્રવાહો વિષેની એમની સમજ ઊંડી અને વ્યાપક થઈ. જે જે પરિબળો એમના સમયના યુરોપમાં અને જગતમાં કામ કરી રહ્યાં હતાં તે બધાંનું માત્ર પૃથક્કરણ કરીને શાંત બેસી રહેવાનું લૅસ્કીને પસંદ નહોતું; જે કાંઈ પૃથક્કરણ કર્યું અને સિદ્ધાંતો તારવ્યા એ પ્રમાણે વર્તવાની તાલાવેલી એમને હતી. ફેબિયન સોસાયટીનાં તત્ત્વો તથા વિચારો અને કાર્યક્રમોમાં હૅરલ્ડે આ વર્ષોમાં ઠીક ઠીક રસ દાખવ્યો, જે પાછળથી સોસાયટી જોડેના સક્રિય સાથમાં પાંગર્યો. મહિલા ઉન્નતિ માટે પણ હૅરલ્ડને ઉત્કટ આસ્થા હતી. મહિલાઓ માટે મતદાનનો હક્ક બ્રિટન જેવા પ્રાચીન લોકશાહી દેશમાં પણ છેક ૧૯૧૮ની સાલમાં પહેલવહેલો સુલભ થયો, પણ સ્ત્રીઓને હક્કથી - અને પુરુષની સમકક્ષાએ - મત આપવાનો અધિકાર હોવો જ જોઈએ એવી માગણી સાથે જે ચળવળ બ્રિટનમાંનાં પ્રગતિશીલ સ્ત્રીપુરુષોએ વર્ષોથી કરી એમાં પણ હૅરલ્ડ લૅસ્કી ઉમંગથી પરોવાયા હતા. ઑક્સફર્ડમાં અભ્યાસ કરવાની સાથે એમણે આ બન્ને કાર્યક્ષેત્રો - ફેબિયન સમાજવાદ અને મહિલા મતદાન-માં સારો એવો રસ સતત દાખવ્યો. એમાં સક્રિય રીતે પ્રવૃત્ત થયાથી હૅરલ્ડ લૅસ્કીને બે વ્યક્તિવિશેષોનો ખાસ ભેટો થયો. હૅરલ્ડના યુવાન અને સચેત મન પર આ બન્ને વીર અને ધીર વિચારપુરુષોની ઘેરી છાપ પડી : એક હતા જ્યૉર્જ લૅન્સબરી, અને બીજા એચ. ડબલ્યુ. નેવિન્સન. લૅસ્કીએ પોતે જ કહ્યું છે તેમ, "લૅન્સબરી પાસેથી હું સમાનતાનાં તત્ત્વોનો અર્થ અને મર્મ શીખ્યો, જ્યારે નેવિન્સને મને સ્વતંત્રતાનું હાર્દ તથા મહત્ત્વ સમજાવ્યું." આમ, જીવનના આરંભમાં જ, લૅસ્કીની વિચારધારામાં આ બે મૂલતત્ત્વો - સમાનતા અને સ્વતંત્રતા - આબાદ રીતે વણાઈ ગયાં.

ઉચ્ચ શિક્ષણ સંતોષકારક અને સુપેરે પૂરું થયું કે તરત વ્યવસાય-પસંદગીનો પ્રશ્ન ઊભો થયો; પણ એ તરત ઉકેલાઈ ગયો. તે વખતે [સને ૧૯૧૪ માં] જ્યૉર્જ લૅન્સબરી 'ડેઇલી હેરલ્ડ' છાપું ચલાવતા હતા. તેઓ જ તેના તંત્રી હતા. લૅન્સબરીએ જુવાન હૅરલ્ડને પોતાના પત્ર માટે તંત્રી-લેખો લખવાનું નિમંત્રણ આપ્યું. જુવાને એ તક ઝડપી લીધી. આ કામમાં

પરોવાયાથી હૅરલ્ડ લૅસ્કીને પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાંની સમાજવાદી ચળવળ અને ડાબેરી જહાલ વિચારપ્રણાલી સાથે ઠીક ઠીક પરિચય થયો. લૅન્સબરીના ઉષ્માભર્યા વ્યક્તિત્વથી લૅસ્કી ખૂબ મોહિત થયેલા, એટલે દૈનિક પત્રની આ કામગીરીમાં લૅસ્કીને વિશેષ આનંદ મળ્યો. પણ આવું મનગમતું કામ લાંબું ચાલવાનું નહોતું ! છ જ અઠવાડિયાંમાં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ! યુદ્ધના આરંભકાળમાં જ લૅસ્કીએ મનમાં નિર્ણય કરી દીધો : લશ્કરમાં ભરતી થઈ જવું ! યુદ્ધમાં પોતાને શ્રદ્ધા હતી એ ખાતર નહીં, પણ જર્મનીનો વિજય વધુ ખતરનાક દૂષણો અને ભયાનક અનિષ્ટો લાવશે એવો લૅસ્કીને પાકો વહેમ હતો તેથી એમણે લશ્કરમાં જોડાઈ જવાનું ઠરાવેલું. પરંતુ, માણસ ધારે છે કાંઈક અને ઈશ્વર નિર્મે છે બીજું જ કંઈક ! શારીરિક સુપાત્રતા અને સજ્જતાના અભાવે હૅરલ્ડ લૅસ્કીને લશ્કરમાં પ્રવેશ ન અપાયો. "તમારું હૃદય નબળું છે" એવું દાકતરી નિદાન લૅસ્કીને જણાવવામાં આવ્યું! આવી દાકતરી તપાસ, અને એમાંથી નિષ્પન્ન થયેલ લશ્કરી સત્તાવાળાઓનો નિર્ણય, એક રીતે નિર્ણાયક જ નીવડ્યાં ! 'નબળા હૃદય'વાળા હૅરલ્ડ લૅસ્કીના જીવનને જુદો અને નવો વળાંક મળ્યો ! કૅનેડાના મૉન્ટ્રીએલ મહાનગરમાંની પ્રસિદ્ધ મૅક્‌ગિલ યુનિવર્સિટીમાં ઇતિહાસના વ્યાખ્યાતા તરીકે જોડાવાનું નિમંત્રણ લૅસ્કીને મળ્યું. એમણે એ સહર્ષ સ્વીકાર્યું. નબળા હૃદય સાથે, પણ સબળ નિશ્ચયશક્તિ અને સમર્થ વિદ્વત્તાના ટેકે, હૅરલ્ડ લૅસ્કીએ કૅનેડા તરફ પ્રયાણ કર્યું. યુવાન હૅરલ્ડે વતન છોડીને, જહાજમાં બેસી ઍટલાન્ટિક મહાસાગર ઓળંગી, ઉત્તર અમેરિકન ખંડ પર પગ મૂક્તાં વેંત 'પ્રોફેસર લૅસ્કી'ની અધ્યાપક તરીકેની તેજસ્વી અને અમર કામગીરીનો મંગલ આરંભ થયો. મૉન્ટ્રીએલમાં ગાળેલાં આ બે વર્ષ [ ઈ.સ. ૧૯૧૪-૧૯૧૬] લૅસ્કીની વિદ્યાકીય કારકિર્દી માટે બહુ ઉપયોગી પુરવાર થયાં. કૅનેડામાં અધ્યાપનક્ષેત્રે એમણે ત્વરિત મેળવેલી સુયોગ્ય કીર્તિની સુવાસ અમેરિકાની સુપ્રસિદ્ધ હાર્વર્ડ યુનિવર્સિટી સુધી ફેલાઈ, અને હાર્વર્ડમાંના રાજ્યશાસ્ત્ર વિભાગમાં વ્યાખ્યાતા તરીકે લૅસ્કીની વરણી થઈ. મૅસેચ્યુસેટ્સ રાજ્યમાં કેમ્બ્રિજ ખાતે હાર્વર્ડ યુનિવર્સિટીમાં હૅરલ્ડ લૅસ્કીએ ચાર વર્ષ [ઈ.સ. ૧૯૧૬-૧૯૨૦] અધ્યાપક તરીકે કામ કરીને, લાક્ષણિક દક્ષતા અને કાર્યક્ષમતા દાખવીને,

અમેરિકાના અને પશ્ચિમી દેશોના સમગ્ર વિદ્યાજગતમાં સહુને પ્રભાવિત કર્યા. કોઈ સારી યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે શૈક્ષણિક જીવન વ્યતીત કરવાની હૅરલ્ડ લૅસ્કીની મનીષા આ રીતે પાર પડી. અધ્યયન અને અધ્યાપન સાથે વાચન-લેખનનું યશસ્વી યજ્ઞકાર્ય પણ આ છ વર્ષમાં લૅસ્કીએ ઉત્તમ બજાવ્યું. રાજ્યશાસ્ત્રનાં કેટલાંક મૂળભૂત તત્ત્વો અને સિદ્ધાંતો વિષે લૅસ્કીએ ઊંડાણથી અને ગંભીરપણે વિચાર-વિમર્શ કરીને કેટલાંક મૌલિક પુસ્તકો આ સમય દરમ્યાન લખ્યાં. ખાસ કરીને, રાજ્યના સાર્વભૌમત્વ વિષે એક આધારભૂત, દળદાર, વિશિષ્ટ ગ્રંથ લખવાની લૅસ્કીની મહેચ્છા હતી તે અમેરિકન ખંડ પરનાં આ વિદ્યાકીય વર્ષોમાં સરસ બર આવી. સાર્વભૌમત્વની વિભાવનાનું અર્થઘટન, એનાં વિવિધ અગત્યનાં પાસાંઓનું ટીકાત્મક વિવરણ, એમાંથી ફલિત થતા કેટલાક અગત્યના સવાલો વગેરે વિષે લૅસ્કીનું મનોમંથન અને વિચારચક્ર બરાબર ચાલ્યું, અને એના પરિપાક રૂપે બે ઉત્તમ ગ્રંથો આપણને મળ્યા : "Studies in the Problem of Sovereignty" નામનું એમનું પુસ્તક સને ૧૯૧૭માં અમેરિકાની ખ્યાતનામ યેલ યુનિવર્સિટીએ પ્રગટ કર્યું; "Authority in the Modern State" પુસ્તક પણ યેલ યુનિવર્સિટીએ જ ૧૯૧૯ની સાલમાં પ્રસિદ્ધ કર્યું. આ બન્ને મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ અભ્યાસગ્રંથોને સહુ વિદ્વાનોએ ઉમળકાભેર વધાવ્યા અને વખાણ્યા. એનાથી લૅસ્કીની પ્રતિષ્ઠા બરાબર બંધાઈ અને રાજ્યશાસ્ત્રના એક મૌલિક ચિંતક તથા લેખક તરીકે પ્રોફેસર હૅરલ્ડ લૅસ્કી સુપ્રતિષ્ઠિત થયા. ન્યૂ હેવન, કનેક્ટિકટથી યેલ યુનિવર્સિટી પ્રેસે પ્રકાશિત કરેલા આ બે ગ્રંથો લંડનથી ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસે પણ એ જ વર્ષોમાં [સને ૧૯૧૭ અને ૧૯૧૯] પ્રગટ કર્યા. એટલે, ઍટલાન્ટિક મહાસાગરના બન્ને કિનારે - અમેરિકામાં તેમ ગ્રેટ બ્રિટનમાં - વિવિધ વિદ્યાકીય પ્રાંગણોમાં લૅસ્કીની વાહવાહ થઈ. 'રાજ્ય' સંસ્થા મહત્ત્વની છે ખરી, પણ એ કંઈ એકમાત્ર સામાજિક મંડળ નથી; બહુજન સમાજમાં પ્રજાજનોના રસના વિષયો અનેક છે, અને રાજકીય રસ તો એ પૈકીનો એક કેવળ છે, તેથી પ્રત્યેક પ્રજાજનની સંપૂર્ણ અને નિઃશંક રસવૃત્તિ તથા વફાદારી માગવાનો અને મેળવવાનો રાજ્યને, એના સાર્વભૌમત્વના વિશિષ્ટ લક્ષણ

છતાં, આપોઆપ કોઈ અધિકાર પ્રાપ્ત થતો નથી, એ મૂળભૂત મુદ્દાને હૅરલ્ડ લૅસ્કીએ એમનાં આ બે પુસ્તકોમાં, અને ત્યાર પછીનાં લખાણોમાં પણ, ખૂબ તાર્કિક રીતે અને સચોટ ઉદાહરણો સહિત સરસ ઉપસાવ્યો ! વળી, ખૂબી એ કે, લૅસ્કીનાં આ બે પ્રારંભિક પુસ્તકો ,પછીનાં એમનાં પુસ્તકોની તુલનામાં, વધુ વિચારપ્રેરક અને આજેય પ્રસ્તુત રહ્યાં છે. વિશ્વયુદ્ધના મૂળમાં એક અગત્યનું જવાબદાર કારણ અને પરિબળ તે 'રાજ્યના સાર્વભૌમત્વ'ની ભ્રામક કલ્પના છે એની પ્રતીતિ પ્રથમ વિશ્વયુદ્ધનાં વર્ષોમાં [સને ૧૯૧૪ થી ૧૯૧૮ ] લૅસ્કીને પૂરેપૂરી થયેલી.

ઉત્તર અમેરિકન ખંડમાં એકાદ બે વર્ષ ગાળવાની લૅસ્કીની ધારણા હતી એને બદલે તેઓ છ વર્ષ ત્યાં રહ્યા. કૅનેડા અને અમેરિકા બન્ને દેશોમાં એક અત્યંત ઉદ્યમી અને ઉત્સાહી અધ્યાપક તરીકે સઘન શિક્ષણકાર્ય બજાવીને હૅરલ્ડ લૅસ્કીએ વિદ્યાર્થી આલમ તથા અધ્યાપક વર્ગનાં આદર અને પ્રીતિ સંપાદન કરવા ઉપરાંત સાર્વજનિક જીવનનાં અનેક ક્ષેત્રોમાંના અગ્રણીઓનાં દિલ પણ જીતી લીધાં ! સ્વાભાવિક જ, લૅસ્કીના અધ્યાપકીય જીવનમાં આ છ વર્ષ ઉપકારક નીવડ્યાં, સંસ્મરણીય અને સંસ્કારક્ષમ બની રહ્યાં. કેટકેટલા મોટા માણસોના અંગત પરિચયમાં આવવાનું સદ્ભાગ્ય લૅસ્કીને આ સમયમાં સાંપડ્યું ! જસ્ટિસ હોમ્સ અને જસ્ટિસ ફીલિક્સ ફ્રૅન્કફર્ટર સાથેની ગાઢ મિત્રતાને કારણે લૅસ્કીનું જીવન અનેક રીતે સંસ્કારસમૃદ્ધ બન્યું. હાર્વર્ડ લૉ સ્કૂલના અનેક વિદ્વાનોનો નિકટનો નાતો પણ લૅસ્કી માટે મૂલ્યવાન નીવડ્યો. સ્વાતંત્ર્ય અને ઉદારમતવાદી વિચારધારાનું, જાણતાં ને અજાણતાં, હૅરલ્ડ લૅસ્કીના વિચાર-આચારમાં કાયમનું અને મજબૂત સ્થાન બની રહ્યું. કાર્લ માર્ક્સની વિચારસરણીથી સારા એવા રંગાયેલ હૅરલ્ડ લૅસ્કી કદી પણ સામ્યવાદી ન બન્યા એનું એક મહત્ત્વનું કારણ અમેરિકામાંના આ છ વર્ષોમાં એમણે સંપાદન કરેલી વૈચારિક ભૂમિકામાં સમાયેલું છે એમ જરૂર કહી શકાય. જીવનના અંત સુધી લૅસ્કીને અમેરિકા પ્રત્યે અને અમેરિકન પ્રજા તથા સંસ્કૃતિ માટે અપાર મમતા અને પ્રીતિ રહી હતી. અમેરિકન સંસ્કૃતિનો અને અમેરિકામાંના નાગરિક જીવનનો એમણે તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. એ વિષે એમણે અનેક પુસ્તકો અને લેખો લખ્યાં. એમાં "The American Presidency" [ સને ૧૯૪૦] અને "The American

Democracy" [ સને ૧૯૪૯ ] ખૂબ વંચાયાં અને વખણાયાં. અમેરિકન રાજ્યબંધારણ કેવું અનોખું છે એનો આબેહૂબ ચિતાર લૅસ્કીએ એમાં આપ્યો છે; કારોબારતંત્રના સર્વોચ્ચ વડા તરીકે અમેરિકન પ્રમુખની કાર્યભૂમિકા કેવી અજોડ, અને દુનિયાભરમાં ઘણાને અદેખાઈ કરાવનારી છે, એનું બહુ આસ્વાદ્ય અને આકર્ષક વર્ણન તથા વિવરણ લૅસ્કીના "ધિ અમેરિકન પ્રેસિડેન્સી"માં સવિસ્તર જોવા મળે છે. અમેરિકન પ્રમુખપદ પરનાં સંખ્યાબંધ સુંદર પુસ્તકોમાંથી બહુ થોડાં આ પુસ્તકની તોલે આવે એવાં છે. ૧૯૨૦ની સાલમાં હૅરલ્ડ લૅસ્કી અમેરિકાથી સ્વદેશ [બ્રિટન] પાછા આવ્યા ત્યાર પછી પણ વારંવાર તેમણે અમેરિકાની મુલાકાતો લીધી. અનેક અમેરિકન વિશ્વવિદ્યાલયોમાં લૅસ્કીએ વ્યાખ્યાનો આપ્યાં, સેમિનારોમાં તેઓ સામેલ થયા, પરિસંવાદોમાં અગ્ર ભાગ લીધો. અમેરિકાની જે કેટલીક જગવિખ્યાત યુનિવર્સિટીઓ છે એમાં યોજાતી વિવિધ વિશિષ્ટ વાર્ષિક વ્યાખ્યાન-માળાઓમાં લૅસ્કીએ પ્રેરક અને મનનીય પ્રવચન-પુષ્પો ગૂંથ્યાં. શ્રોતાઓ અને વાચકો પર એ બધાની જબરી અસર પડતી. લૅસ્કીનો વિશાળ ચાહક વર્ગ આ રીતે ઊભો થયો અને જોતજોતામાં એ દુનિયાભરમાં પ્રસર્યો.

અમેરિકાએ લૅસ્કીનાં દિલ-દિમાગમાં અગત્યનું સ્થાન મેળવ્યું. ઈંગ્લેન્ડમાં, તેમ યુરોપ ખંડ પર પણ લૅસ્કીની અસર વ્યાપક હતી જ; હવે તે આખા ઉત્તર અમેરિકન ખંડ પર પણ ફેલાઈ. દૃષ્ટિવંત અમેરિકન પ્રમુખ અને સમર્થ વિશ્વ રાજપુરુષ ફ્રૅન્કલીન ડેલાનો રૂઝવેલ્ટ તથા એમનાં વિદુષી પત્ની શ્રીમતી એલેનોર રૂઝવેલ્ટ જોડે લૅસ્કી દંપતીની ગાઢ મૈત્રી બંધાઈ. પ્રમુખ રૂઝવેલ્ટ સાથે હૅરલ્ડ લૅસ્કીનો સરસ વૈચારિક મેળ સ્થપાયો. 'એફ.ડી.આર'ના ક્રાંતિકારી નવા કારોબારી શાસનમાં અને વહીવટી તંત્રમાં લોકશાહીની સ્થિરતાનાં તથા પ્રગતિનાં અનેક આશાબિંદુનાં દર્શન લૅસ્કીને થયાં. અમેરિકન પ્રજાસત્તાકમાં રાજકીય લોકશાહીની સાથે સાથે આર્થિક સુખાકારી અને સમાનતા પણ એ તંત્ર વડે સિદ્ધ થશે એવી શ્રદ્ધા લૅસ્કીના મનમાં દૃઢ થઈ. અમેરિકા પરનાં લૅસ્કીનાં લખાણોમાં આ શ્રદ્ધા સુપેરે અંકિત થઈ છે. હૅરલ્ડ લૅસ્કીના નાના-મોટા દરેક લેખનનો એક ગુણ એ હતો કે

તેઓ જે કાંઈ લખતા એ માત્ર એમના બૌદ્ધિક વિચારોનો પરિપાક નહોતો, એમાં પ્રત્યક્ષ રાજકારણ અને સમાજકારણનાં અસંખ્ય ઉદાહરણોનું તથા જીવંત અનુભવોનું નવનીત પણ અનાયાસે સમાઈ જતું. તેથી જ લૅસ્કીનાં લખાણો વાચકોને હંમેશ રસપ્રદ, રુચિકર અને રોમાંચક લાગ્યાં છે.

પ્રથમ વિશ્વયુદ્ધના એ દિવસો દરમ્યાન અમેરિકામાં લૅસ્કીને એક નવો જ અને નોંધપાત્ર અનુભવ થયો. ૧૯૧૯ની સાલમાં બૉસ્ટન શહેરમાં પોલીસની હડતાળ પડી. ઘણાં વર્ષોથી અન્યાય અને અત્યાચાર સહન કરતા રહીને ત્રાસી ઊઠેલી, અને છેવટે ધીરજ ખોઈ બેઠેલી, પોલીસે ન છૂટકે હડતાળનું શસ્ત્ર ઉગામ્યું. પોલીસમેનોએ ન્યાય માગ્યો; એ ન મળે તો હડતાળ પર ઊતરવાનું જાહેર કર્યું. પોલીસના માણસોને દર અઠવાડિયે ૮૪ કલાક કામ કરવાનું; જ્યારે એ જ બૉસ્ટનના જાહેર મ્યુનિસિપલ નોકરોને ભાગે અઠવાડિયે ૪૪ કલાકનું કામ રહેતું ! પોલીસમેનની નોકરીની શરતો જાતજાતની બંધનકર્તા, અને એમના પરની જવાબદારીઓ પણ ભારે અને કપરી ! અનેક પ્રાથમિક સગવડોથી તેઓ વંચિત ! એટલે, સ્વમાન અને સુવિધાની પ્રતિષ્ઠાપના ખાતર બૉસ્ટનની પોલીસે લડત આદરેલી. હૅરલ્ડ લૅસ્કીને થયું કે પોલીસ ભાઈઓની વાત સત્તાવાળાઓએ સાંભળવી જ જોઈએ. પોલીસનાં રહેઠાણો વગેરેની બારીકાઈથી તપાસ થવી જોઈએ એવું પણ લૅસ્કીને લાગ્યું. પોલીસદળમાં કામ કરનારા ભાઈઓને હડતાળનો આશરો લેવો પડે એનાં કારણો શાં છે એ સહાનુભૂતિપૂર્વક જોવાને બદલે એકદમ પોલીસ-હડતાળનો વિરોધ કરવો એ વલણ સામે લૅસ્કીએ રોષ પ્રગટ કર્યો. આ આખા પ્રશ્નનો ખૂબ પરિશ્રમપૂર્વક અભ્યાસ કરતાં લૅસ્કીને જણાયું કે, પોલીસ પરના અન્યાય પરત્વે સમાજમાંના કોઈ જવાબદાર લોકોની જરા જેટલી પણ સહાનુભૂતિ ન મળે ! લૅસ્કીને એની નવાઈ લાગી તેમ ચીડ પણ ચડી. પોતાની અકળામણ એમણે ખુલ્લંખુલ્લા કહેવા-લખવા માંડી. બસ, લૅસ્કીએ જાણે ભારે મોટો ગુનો કર્યો હોય તેમ એમના પર ચોમેર ટીકા અને નિંદા વરસવા માંડી ! "હૅરલ્ડ લૅસ્કી તો બળવાખોર છે, હિંસક ક્રાન્તિના હિમાયતી છે", એ પ્રકારના અર્થહીન અને વાહિયાત આરોપો લૅસ્કી પર થવા લાગ્યા. હાર્વર્ડ યુનિવર્સિટીએ હૅરલ્ડ

લૅસ્કીને અધ્યાપકપદેથી દૂર કરવાની હિલચાલ પણ શરૂ કરી ! સારા નસીબે, સમાધાનની લહેર અને સલાહ યુનિવર્સિટીનાં સત્તા-મંડળો સુધી પહોંચી, અને બરતરફીમાંથી લૅસ્કી બચી ગયા ! પણ આ પ્રસંગમાંથી લૅસ્કીને સારો એવો બોધ મળ્યો. શોષિત પ્રજા જ્યારે પોતાના ન્યાય માટે નિર્ણાયક લડત આપે છે ત્યારે રાજ્યની સાર્વભૌમ સત્તા વાપરનારા શ્રેષ્ઠીજનો એનો કેવો જબરો સામનો કરે છે એની પ્રતીતિ લૅસ્કીને થઈ. રાજ્યની આવી સત્તા ભોગવનારાઓ સમાજનાં મૂડીવાદી અને સ્થાપિત હિતોના પંજા હેઠળ કેવાં જકડાયેલાં રહે છે એનો પણ ખ્યાલ લૅસ્કીને આ બૉસ્ટન પોલીસ-હડતાળ વખતે બરાબર આવ્યો. 'રાજ્ય' સંસ્થા સાર્વભૌમત્વ ધરાવે છે તેથી કરીને એ કાંઈ સર્વોપરી અને સર્વભક્ષી ન થઈ શકે, એ મૂળભૂત સિદ્ધાંતનાં બીજ પણ લૅસ્કીના વિચાર-ક્ષેત્રમાં વવાયાં. જ્યાં સુધી રાજ્યતંત્રની લગામ શ્રમજીવી વર્ગના લોકોના હાથમાં નહીં આવે અને રહે ત્યાં સુધી શ્રમજીવીઓનું આર્થિક, સામાજિક, રાજકીય અને એકંદર જીવનધોરણ કદી સુધરવાનું નથી એની પણ સ્પષ્ટ ઝાંખી હૅરલ્ડ લૅસ્કીને થઈ.

આવા સામાજિક માહોલમાં અને અંગત મનોવ્યાપારમાં હૅરલ્ડ લૅસ્કીની ભરજુવાની તથા અધ્યાપકીય કામગીરી વહી રહી હતી ત્યારે, ૧૯૨૦ની સાલમાં, લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સ ઍન્ડ પોલિટિકલ સાયન્સ તરફથી હૅરલ્ડ લૅસ્કીને લંડન આવવાનું અને રાજ્યશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે 'એલ.એસ.ઈ.'માં જોડાવાનું નિમંત્રણ મળ્યું. લૅસ્કીએ હર્ષભેર એ તરત સ્વીકાર્યું. નવા આનંદ અને ઉલ્લાસ સાથે આરંભાયેલી લંડન સ્કૂલમાંની લૅસ્કીની આ વિદ્યાયાત્રા એમના અકાળ અવસાનથી જ અટકી ! પૂરા ત્રણ દસકા સુધી, લૅસ્કીનો સર્વતોમુખી પ્રભાવ લંડન સ્કૂલ પર એકધારો રહ્યો. 'L.S.E.'ના આદ્યાક્ષરે ઓળખાતી આ લંડન સ્કૂલ અને પ્રોફેસર હૅરલ્ડ લૅસ્કી જોતજોતામાં એકમેકના પર્યાય બની રહ્યાં ! પ્રથમ છ વર્ષ [સને ૧૯૨૦ થી ૧૯૨૬] લૅસ્કીએ વ્યાખ્યાતા તરીકે કામ કર્યું.' એલ.એસ.ઈ.'માંના વરિષ્ઠ પ્રાધ્યાપક અને સમાજવિદ્યાઓના નિષ્ણાત વિવેચક તથા લેખક ગ્રહામ વૉલેસના દુઃખદ અવસાનને કારણે પ્રાધ્યાપકની જગ્યા ખાલી પડી; એ સ્થાને લૅસ્કીની વરણી થઈ. ૩૩ વર્ષની 'પ્રમાણમાં નાની' વયે બ્રિટનમાંની એક

અગ્રગણ્ય અને જગન્‌માન્ય યુનિવર્સિટીમાં અને સંસ્થામાં પ્રાધ્યાપકનું મોટું પદ મેળવવું એ કાંઈ સામાન્ય સિદ્ધિ નહોતી. રાજ્યશાસ્ત્ર પરનો લૅસ્કીનો પ્રમાણભૂત, મૌલિક અને વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ "A Grammar of Politics" સને ૧૯૨૫માં પ્રગટ થયો એના આધારે અને એ પાત્રતાએ લૅસ્કીની નિમણૂંક પ્રાધ્યાપકપદે થઈ. આવું માનભર્યું અને જવાબદારીભર્યું સ્થાન હૅરલ્ડ લૅસ્કીએ ઉત્તમપણે શોભાવ્યું અને અજવાળ્યું. રાજ્યશાસ્ત્ર પરના લૅસ્કીના આ વ્યાકરણ-ગ્રંથની હજારો નકલો વેચાઈ, અને લાખોએ એ વાંચી. માત્ર વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં નહીં પણ સામાન્ય રસિકજનોમાં પણ આ ગ્રંથને અસામાન્ય આવકાર મળ્યો.'પ્લેટો પછીના રાજ્યશાસ્ત્ર વિચાર-માર્ગ પરના એક સીમાચિહ્ન' તરીકે લૅસ્કીના આ "ગ્રામર" ગ્રંથની સર્વત્ર સ્વીકૃતિ અને પ્રશસ્તિ થઈ. રાજ્યશાસ્ત્રના વિદ્યાર્થીઓએ અને વાચકોએ આ ગ્રંથને વહાલભેર "The Grammar" તરીકે નવાજ્યો. આજે પણ એ ગ્રંથ એટલો જ વાચનીય અને વિચારપ્રેરક છે; છેલ્લાં ૭૦ વર્ષમાં દુનિયા ઘણી પલટાઈ ગઈ છે છતાં "ધી ગ્રામર"ની પ્રસ્તુતતા અને પ્રાસંગિક્તા ઘટી નથી. એ જ બતાવે છે કે લૅસ્કીનો આ મહામૂલો ગ્રંથ રાજ્યશાસ્ત્ર પરનો એક આધારભૂત શિષ્ટગ્રંથ બની ચૂકયો છે. એનો હિન્દી અનુવાદ 'રાજનીતિ કે મૂળતત્ત્વ'નામે ઍલાઈડ પબ્લિશર્સ, નવી દિલ્હી તરફથી ૧૯૫૬ની સાલમાં પ્રગટ થયો છે. આ હિન્દી અનુવાદગ્રંથને પંડિત જવાહરલાલ નેહરુની ખાસ ટૂંકી પ્રસ્તાવના પણ મળી છે. વડા પ્રધાન લખે છે : "હૅરલ્ડ લૅસ્કીનું 'એ ગ્રામર ઑફ પૉલિટિક્સ' પુસ્તક ઘણા સમયથી એક ગૌરવગ્રંથ બની રહેલ છે. હિન્દી સાહિત્ય માટે આ અનુવાદ એક મૂલ્યવાન દેણ બની રહેશે." વધુમાં પંડિતજી જણાવે છે : "આજકાલની પેચીદી રાજકીય પરિસ્થિતિમાં અગાઉનાં કોઈ ઉદાહરણો શોધવાનું સહેલું નથી. તેમ છતાં કેટલાક મૂળ સિદ્ધાંતોને જાણવાની અને સમજવાની જરૂર છે, જેથી વર્તમાન સમસ્યાઓને એ લાગુ કરવાની કોશિશ આપણે કરી શકીએ. એ મૂળ સિદ્ધાંતોને સમજવા માટે આ ગ્રંથ સહાયક થશે."

લંડન સ્કૂલ ઑફ ઈકૉનૉમિક્સમાં રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકેની ગૌરવભરી જવાબદારી ઉપાડતાં પ્રોફેસર હૅરલ્ડ લૅસ્કીએ ૨૨ ઑક્ટોબર



Acc. No. 30207
Date

૧૯૨૬ને રોજ મંગલ પ્રવચન આપ્યું. આ યુવાન અને વિદ્વાન પ્રાધ્યાપકને સાંભળવા વિદ્યાર્થીઓ-અધ્યાપકોની ભારે ભીડ જામેલી. પોતાના અસરકારક અને અસ્ખલિત વહેતા વ્યાખ્યાનમાં લૅસ્કીએ 'રાજ્યશાસ્ત્રના અભ્યાસ વિષે' અનેક ઉદ્‌બોધક વાતો કરી અને ઘણા બધા મનનીય મુદ્દાઓ રજૂ કર્યા. છાપેલાં ૨૫ પાનાંનું આ મંગલ પ્રવચન લૅસ્કીના "The Danger of being a Gentleman and Other Essays" પુસ્તકમાં સમાવિષ્ટ કરાયું છે. તે ફરી ફરી વાંચવા જેવું છે. એને વાગોળતાં અનેક મહત્ત્વપૂર્ણ અર્થઘટનો પ્રાપ્ત થાય છે. રાજ્યશાસ્ત્ર વિષય શીખવનારે અને શીખનારે કઈ વૈચારિક ભૂમિકા લેવી ઘટે, કેવો ઉત્સાહી અભિગમ દાખવવો રહ્યો, શી સંભાળ અને કાળજી રાખવી પડે, એ બધાનો સરસ ઉહાપોહ લૅસ્કીએ આ વિસ્તૃત વ્યાખ્યાનમાં છટાદાર શૈલીમાં કર્યો છે. "સાચું રાજકારણ એ સૌથી વિશેષ; અને મુખ્યત્વે તો, ઇતિહાસનું દર્શન છે" એવું પ્રતિપાદન લૅસ્કીએ આ વ્યાખ્યાનમાં કર્યું. કોઈ કૃત્રિમ કે ખોટી તટસ્થતા રાજ્યશાસ્ત્રનો અભ્યાસી રાખી ન શકે; એણે પોતાનાં તારણો અને અભિપ્રાયો પૂરી નિખાલસતાથી વ્યક્ત કરતાં રહેવું જોઈએ, એ મુદ્દાને પણ લૅસ્કીએ સુંદર ઘૂંટ્યો. પ્રોફેસર લૅસ્કીની દૃષ્ટિએ, રાજ્યશાસ્ત્રનો કેન્દ્રવર્તી પ્રશ્ન તે સત્તા અને સ્વાતંત્ર્યની સમસ્યા ! અસંમતિના અવાજની અગત્ય લૅસ્કીએ આગ્રહપૂર્વક ઠસાવી. રાજ્યસત્તા સામે વિરોધનો સૂર વ્યક્ત કરવો એ મૂળભૂત નૈતિક ફરજ હોવાનું લૅસ્કી માનતા; વિરોધ પ્રગટ કરવાની નૈતિક જવાબદારી એમને મન સામાજિક કલ્યાણનું પાયાનું તત્ત્વ રહ્યું છે. આ પ્રોત્સાહક પ્રવચનનો ઉપસંહાર કરતાં લૅસ્કીએ જ્વલંત આશા પ્રગટ કરી કે રાજ્યશાસ્ત્ર તથા અન્ય સમાજશાસ્ત્રોના જ્ઞાનમાં ઉપકારક વૃદ્ધિ કરતા રહેવાની મથામણ આપણે સહુ કરતા રહીશું ! "વિચારની સેવા એ સૌથી ઉમદા આહ્‌વાન અને ધર્મ" હોવાની ઉત્કટ માન્યતા એમણે ઉમંગભેર જાહેર કરી.

અધ્યાપનની સાથે સાથે લૅસ્કીનું અધ્યયન અને લેખનકાર્ય પણ નિરંતર ચાલુ રહ્યું. ૧૯૨૧ની સાલમાં "The Foundations of Sovereignty

and Other Essays" નામે એમનો ગ્રંથ ન્યૂયૉર્કના 'હારકોર્ટ બ્રેસ' પ્રકાશનગૃહે બહાર પાડ્યો. એને જ, બીજા વર્ષે, લંડનની સુપ્રસિદ્ધ પ્રકાશનસંસ્થા 'જ્યૉર્જ ઍલન ઍન્ડ અનવિને' પ્રગટ કર્યો. ૧૯૨૨ની સાલથી આ જ લંડન-પ્રકાશકે લૅસ્કીનાં અન્ય નાનાંમોટાં પુસ્તકો બહાર પાડ્યાં એ ગ્રંથો પૈકી "Liberty in the Modern State" [સને ૧૯૩૦] અને "Democracy in Crisis" [ સને ૧૯૩૩ ] વિશેષ ઉલ્લેખનીય છે. "લિબર્ટી ઇન ધિ મૉડર્ન સ્ટેટ" પુસ્તકની સંવર્ધિત, યુદ્ધોત્તર વિશેષ આવૃત્તિ ૧૯૪૮ની સાલમાં બહાર પડી તેમાં લૅસ્કીની નવી અને લાંબી પ્રસ્તાવના ઉમેરાઈ; બીજા વિશ્વયુદ્ધ પછીના અનેક અઘરા અને અટપટા રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પ્રશ્નો અને પાસાંઓનું એમાં વિસ્તારથી વિવેચન છે. ૧૯૩૧ની સાલમાં લૅસ્કીએ "An Introduction to Politics" નામનું સંક્ષિપ્ત પુસ્તક લખ્યું, જે રાજ્યશાસ્ત્રના પરિચય રૂપે લખાયેલું સરળ બયાન હોવા સાથે આકલનમાં કંઈક અઘરું પણ છે ! "રાજ્યશાસ્ત્ર પ્રવેશિકા" નામે એનો ગુજરાતી અનુવાદ જાણીતા પત્રકાર શ્રી નીરુભાઈ દેસાઈએ કર્યો હોઈ, હૅરલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ, અમદાવાદના ૩૨મા પ્રકાશન તરીકે, ૧૯૬૧ના પ્રજાસત્તાક દિને [૨૬મી જાન્યુઆરીએ], એ પ્રસિદ્ધ થયો છે. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન, ૧૯૪૩ની સાલમાં, લૅસ્કીનું વધુ એક પુસ્તક "Reflections on the Revolution of Our Time" પ્રસિદ્ધ થયું તેનો પણ ઉલ્લેખ કરવો રહ્યો. લૅસ્કીનાં વધુ ત્રણ નવાં પુસ્તકો એમના દુઃખદ અવસાન બાદ પ્રગટ થઈ શક્યાં : "Trade Unions in the New Society" [સને ૧૯૫૦]; "Reflections on the Constitution" [સને ૧૯૫૧]; "The Dilemma of Our Times" [સને ૧૯૫૨]. "હૅરલ્ડ લૅસ્કીનાં અનેક પુસ્તકો દુનિયાના વિવિધ દેશોમાં જે તે ભાષામાં અનુવાદિત થઈને પ્રગટ" કરાયાં છે. આપણે ત્યાં પણ કેટલાક હિન્દી અનુવાદો એ રીતે બહાર પડ્યા છે. દુનિયાભરના વિદ્યાર્થીઓ લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સમાં ભણવા આવે એમાં રાજ્યશાસ્ત્રનાં વિદ્યાર્થી ભાઈબહેનો તો લૅસ્કીના શિષ્ય-વર્ગમાં હોય જ, પરંતુ 'એલ. એસ.ઈ.'માં ભણનારાં બીજાં ઘણાં જ વિદ્યાર્થીઓ પણ હૅરલ્ડ લૅસ્કીના સામાન્ય

વ્યાખ્યાનવર્ગોમાં અસામાન્ય ઉમંગથી ઉભરાય જ ! પ્રોફેસર લૅસ્કીની વાણી જાદુઈ અને મોહક હતી; શ્રોતાઓ મંત્રમુગ્ધ બનીને સાંભળ્યા જ કરે ! દરેક વ્યાખ્યાન વખતે આખો વર્ગ-ખંડ ચિક્કાર ભરાયેલો રહે, અને ઘણાં ભાઈબહેનો અંદર તેમ વર્ગની બહાર પણ ઊભાં રહીને લૅસ્કીને એકચિત્તે સાંભળે અને માણે ! લૅસ્કીની વાક્છટા અદ્‌ભુત હતી; શબ્દો અને વાક્યો આસાનીથી વહ્યા જ કરે, દલીલો અને દાખલાઓની ધારા અવિરત રહે. તત્કાલીન સમયના અનેક નેતાઓ સાથેના પ્રસંગો અને અનુભવોનું રસિક બયાન પણ પ્રોફેસર લૅસ્કીનાં વ્યાખ્યાનોમાં અચૂક હોય જ ! લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સનાં આ બધાં વિદ્યાર્થીઓ અને શ્રોતાઓ પોતપોતાનાં વતનમાં પાછાં ફરે ત્યાં પણ પ્રોફેસર લૅસ્કીનાં વ્યાખ્યાનોની પ્રશંસા મુક્ત કંઠે વહેતી થતી ! ઉપરાંત, લૅસ્કીનાં પુસ્તકો વાંચીને એમનાં પરોક્ષ વિદ્યાર્થીઓ બનેલાં ભાઈબહેનોની સંખ્યા તો અપાર ! દરેક દેશમાંની શિક્ષિત જુવાન પેઢી હૅરલ્ડ લૅસ્કીનાં પુસ્તકો ઉત્સાહભેર વાંચે, અને, એ રીતે, દેશ અને દુનિયાની સમસ્યાઓ તથા નિસ્બતો સાથે ગાઢ પરિચય અને નાતો કેળવે ! આપણા દેશમાં તો તમામ યુનિવર્સિટીઓમાં રાજ્યશાસ્ત્ર વિષયના અભ્યાસ માટે પ્રોફેસર હૅરલ્ડ લૅસ્કીનાં એક યા બીજાં પુસ્તકો મુકરર કરેલાં છે જ. આજે ભલે એવા નિયત અભ્યાસ-સંદર્ભ ગ્રંથોમાં લૅસ્કીનાં પુસ્તકોની સંખ્યા ઘટી હોય, પણ હજી હૅરલ્ડ લૅસ્કી વંચાતા જ રહ્યા છે ! તેમાંયે, લૅસ્કીનું ‘ધી ગ્રામર’ તો એવું જ તાજગીભર્યું અને પ્રેરક રહ્યું છે.

‘એલ.એસ.ઈ’માં સળંગ ત્રીસ વર્ષ [ઈ.સ.૧૯૨૦ થી ૧૯૫૦] પ્રોફેસર લૅસ્કીએ અનોખું શિક્ષણકાર્ય કર્યું એ સમય કેવળ લૅસ્કી માટે જ નહીં પણ તે સંસ્થાનાં અસંખ્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે અત્યંત મધુર અને મહામૂલો અનુભવ બની રહ્યો. લૅસ્કી અને ‘એલ.એસ.ઈ’ જાણે એકમેકનાં પર્યાય બની ગયાં ! લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સના એ ત્રણ દાયકા જાણે પ્રોફેસર હૅરલ્ડ લૅસ્કીનો યુગ ! હૅરલ્ડ લૅસ્કીએ કહેલી અને એમને વિષે બોલાયેલી થોકબંધ વાતો વિશ્વભરના વિદ્યાર્થી-આલમમાં દંતકથાઓની જેમ ફેલાતી રહી. જગતના બધા ખંડો અને દેશમાંથી વિદ્યાર્થી ભાઈબહેનો

લૅસ્કીના માર્ગદર્શન તળે રાજ્યશાસ્ત્રનો વિશેષ અભ્યાસ કરવા સારુ 'એલ.એસ.ઈ'માં પ્રવેશ મેળવવા પડાપડી કરવા લાગ્યાં ! ભારતમાંથી પણ દર વર્ષે અનેક વિદ્યાર્થીઓ 'એલ.એસ.ઈ.'માં અભ્યાસાર્થે ઉત્તરોત્તર વધુ સંખ્યામાં જતા થયા. પરિણામે લૅસ્કીના વિદ્યાર્થીઓનો ગણનાત્મક વર્ગ આપણા દેશમાં ઊભો થયો છે, જેમાંથી મોટા ભાગનાઓએ પોતપોતાનાં ક્ષેત્રોમાં સારી નામના મેળવી છે. દેશમાં અને દેશ બહાર જાહેર મહત્ત્વની અનેક જગ્યાઓ પર લૅસ્કીના વિદ્યાર્થીઓનો ફાળો બેનમૂન રહ્યો છે : એવા લૅસ્કી વિદ્યાર્થી-અગ્રેસરોમાં સર્વશ્રી વી. કે. કૃષ્ણ મેનન, જી. એલ. [ગગનવિહારી લલ્લુભાઈ] મહેતા, બી. કે. નેહરુ, પી. એન. હક્સર, આર.એસ.ભટ્ટ આદિ વ્યક્તિવિશેષોનાં નામ ખાસ નોંધપાત્ર છે. અલાહાબાદ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. બેની પ્રસાદે પ્રાચીન ભારતીય રાજ્યનીતિ અને શાસ્ત્ર પર જે બે વિદ્વત્તાભર્યા અભ્યાસગ્રંથો લખ્યા તે પણ લૅસ્કીના માર્ગદર્શન હેઠળ ! અમેરિકા, કૅનેડા, યુરોપ ખંડનાં વિવિધ રાષ્ટ્રો, ઈઝરેલ વગેરે દેશોમાં તો પ્રોફેસર હૅરલ્ડ લૅસ્કીનાં વિદ્યાર્થી ભાઈબહેનોની ગૌરવવંતી હારમાળાની કોઈ સીમા જ નથી ! કેટલાયે દેશોના વડાઓ, રાજદૂતો, વહીવટી સચિવો, લશ્કરી અફસરો, ઉદ્યોગપતિઓ અને વહેપારીઓ પણ લૅસ્કીના વિદ્યાર્થીઓ રહી ચૂક્યા છે. અમેરિકાના સર્વપ્રથમ જુવાન ઝિંદાદિલ પ્રમુખ જૉન એફ. કેનેડી, સુવિખ્યાત અમેરિકન શિક્ષણશાસ્ત્રજ્ઞ ડૉ. રૉબર્ટ હચિન્સ, ટાન્ઝાનિયાના પ્રમુખ નિયેરેરે આદિ મહાનુભાવો પણ હૅરલ્ડ લૅસ્કીના વિદ્યાર્થી હતા. ખુદ બ્રિટનમાં તો લૅસ્કીની શિષ્યપરંપરા સમૃદ્ધ અને સુદીર્ઘ રહી જ. બ્રિટિશ મજૂર પક્ષના અનેક સક્રિય આગેવાનોએ તથા પાર્લામેન્ટમાંના એ પક્ષના સંખ્યાબંધ સભ્યોએ, રાજ્યશાસ્ત્રનાં પાયાનાં તત્ત્વો અને સિદ્ધાંતોની તાલીમ પ્રોફેસર લૅસ્કીના હાથ નીચે લીધી હતી.

શિક્ષકનો વ્યવસાય હૅરલ્ડ લૅસ્કી માટે આજન્મ એક પવિત્ર ધર્મ અને પ્રિય શોખ બની રહેલો; ધંધાદારી વૃત્તિ કે પૈસા કમાવાની દૃષ્ટિ લૅસ્કીમાં હતી જ નહીં. શીખવતી વખતે લૅસ્કી પોતાના વિષયમાં તેમ વિદ્યાર્થીઓ સાથે

એવા તો તલ્લીન થઈ જતા કે આજુબાજુની દુનિયાની ઘડીભર હસ્તી જ જાણે ન હોય ! સારા અને સફળ શિક્ષકમાં જે ગુણસંપદા હોવી અનિવાર્ય છે તે પ્રોફેસર લૅસ્કીમાં ભરપૂર હતી : અગાધ વિદ્વત્તા, વિશાળ વાચન, અસાધારણ સ્મરણશક્તિ, અખૂટ વિનોદવૃત્તિ, સર્વાંગપૂર્ણ નિરીક્ષણ, કુશાગ્ર બુદ્ધિ, મૌલિક વિચારશક્તિ, વ્યાપક સહાનુભૂતિ, પ્રવાહી અને રસળતી વક્તૃત્વ-શૈલી ! રાજ્યશાસ્ત્રનું જે કોઈ તત્ત્વ પોતે વર્ગની અંદર ઉપસાવે, કે એ વિષેનો જે કશો મુદ્દો ઉઠાવે, તેને લગતા પોતાના અંગત અભિપ્રાયો અને તે વિષેની વ્યક્તિગત માન્યતાઓ પ્રોફેસર લૅસ્કીનાં વ્યાખ્યાનોમાં આપોઆપ આવે જ ! તટસ્થતાનો દંભ કે અંચળો એમણે કદી ધારણ કર્યો નહોતો. લૅસ્કી હંમેશ માનતા કે સાચો શિક્ષક પોતાના અભિપ્રાય-દર્શનમાં નિષ્પક્ષ કે તટસ્થ રહી જ ન શકે ! શિક્ષકે પોતાના મતો અને અભિપ્રાયો વિદ્યાર્થીઓ સમક્ષ જરાયે અચકાયા વગર સ્પષ્ટપણે રજૂ કરવા રહ્યા; માત્ર એવી અભિવ્યક્તિમાં આત્યંતિકતા કે અતિરેક ન પેસી જાય એની કાળજી એણે અવશ્ય રાખવી ઘટે! પોતાના જ વિચારો સાચા અને બરાબર છે એવું આગ્રહી કે જડ વલણ શિક્ષકે કદી રાખવું ન જોઈએ એમ પણ પ્રોફેસર લૅસ્કી સ્પષ્ટપણે માનતા; લૅસ્કીનો વિદ્યાર્થી લૅસ્કીના અભિપ્રાયથી જુદો કે વિરોધી મત વ્યક્ત કરે તો પ્રોફેસરસાહેબ ઉમળકાભેર એને સાંભળતા અને વધાવતા, પોતાના તર્કમાં કે વિચારમાં દોષ જણાઈ આવે તો નિખાલસતાથી એનો એકરાર કરીને પોતાનો મુદ્દો સુધારતા, અને વિદ્યાર્થીનો અભિપ્રાય પણ સ્વીકારતા ! પ્રોફેસર લૅસ્કી દૃઢપણે માનતા કે શિક્ષકની વિચાર-ભૂમિકા અને રજૂઆત હંમેશ પ્રામાણિક હોવી જોઈએ; વર્ગમાં એક અને વર્ગની બહાર બીજી, એવી અસંબદ્ધ અને અપ્રામાણિક હેસિયત રાખવી શિક્ષકને કદાપિ ન પાલવે ! પ્લેટોની જેમ હૅરલ્ડ લૅસ્કીની પણ અવિચલ શ્રદ્ધા રહેલી કે સાચું જ્ઞાન અને શિક્ષણ માણસને ક્રિયાશીલ બનાવે છે. એટલે, પ્રોફેસર લૅસ્કી પોતાના રાજકીય વિચારો અને મતો નિર્ભયતાથી, અને ઉત્તમ અધ્યાપકને છાજે એવી સ્વતંત્ર પ્રજ્ઞાથી, વિદ્યાર્થીઓ સમક્ષ નિખાલસપણે મૂકતા. સાથે સાથે, એવી વિચાર-મતધારામાં જ્યાં જ્યાં પોતાની ઊણપ કે નબળી બાજુ દેખાય એને ઉઘાડી પાડવામાં પ્રોફેસર લૅસ્કી કોઈ કચવાટ ન અનુભવતા; ઊલટું, એ માટે

લૅસ્કી સદા તત્પર રહેતા. આ બધાં કારણોને લઈને, પ્રોફેસર લૅસ્કીએ અસંખ્ય વિદ્યાર્થીઓનો અનહદ આદર અને પ્રેમ હંમેશને માટે સંપાદન કર્યો. હૅરલ્ડ લૅસ્કીને સક્રિય કે પક્ષીય રાજકારણી પુરુષ તરીકે વખોડનારા માણસો બ્રિટનમાં અને બહાર ઓછા નહોતા, પણ એમાંના લગભગ દરેકે પ્રોફેસર લૅસ્કીને એક આદર્શપ્રિય અને મૂલ્યનિષ્ઠ અધ્યાપક તરીકે અવશ્ય સન્માન્યા છે. એમાં જ હૅરલ્ડ લૅસ્કીની પ્રોફેસરશિપની સફળતાનું અને સાર્થકતાનું રહસ્ય સમાયેલું છે. પોતાનાથી વિરોધી રાજકીય અભિપ્રાયો અને અભિગમો ધરાવનાર માણસો પાસેથી પણ પ્રોફેસર હૅરલ્ડ લૅસ્કીને એક અનેરું પ્રમાણપત્ર તો મળતું જ રહેલું : "હૅરલ્ડ લૅસ્કી નિઃશંક મહાન શિક્ષક અને અનોખા અધ્યાપક છે !"

અધ્યાપક તરીકેનું લૅસ્કીનું જીવન ખૂબ વ્યસ્ત રહેલું. અધ્યયન-અધ્યાપન-માર્ગદર્શન-પરીક્ષણ-લેખન-પ્રકાશનની વિવિધ કામગીરી એકધારી એવી રહેતી કે ૨૪ કલાકમાંથી ૧૮-૨૦ કલાક કામ કર્યા છતાંય વખત ઓછો પડે ! ફાજલ સમય રહે એવો તો કોઈ પ્રશ્ન જ નહોતો. નિરાંતની થોડી ઘણી પળો દર સપ્તાહાન્તે મળે ખરી, અને લંડનથી બહુ પાસે કે દૂર નહીં એવા ગ્રામપ્રદેશમાં લૅસ્કીનું 'વીક એન્ડ' નિવાસસ્થાન હતું ત્યાં લૅસ્કી દંપતી મોટે ભાગે દર શનિ-રવિએ જતાં-આવતાં પણ ખરાં, પરંતુ રજાના એ બે દિવસોમાં તો લૅસ્કીને ઘડીનીયે ફુરસદ ન મળે ! આખા અઠવાડિયાનું ભેગું થયેલું વાચન કરવામાં, અને નવાં નવાં પુસ્તકો વાંચીને એમની સમીક્ષા લખવામાં, લૅસ્કીની અઠવાડિક રજાઓ ક્યાંય પૂરી થઈ જતી ! પરંતુ હૅરલ્ડ લૅસ્કી કેવળ વર્ગના અને વિધિસરના એવા શિક્ષક નહોતા; આખા સમાજ તરફ એમની સચેત નજર અને સહૃદયતાભરી નિસ્બત પ્રસરેલી હતી. એ અર્થમાં હૅરલ્ડ લૅસ્કી અનેરા લોકશિક્ષક હતા; લોકસમુદાયનો જીવંત સંપર્ક સાધવાનું, જુદા જુદા લોકો સાથે ઉત્કટ સંવાદ કરવાનું, વિધવિધ વિદ્વાનો અને વિચારકો જોડે ઉષ્માભર્યો અને ઉગ્ર વાદવિવાદ કરવાનું લૅસ્કીને બહુ ગમતું. વિવિધ વર્ગોના લોકો સાથે હૅરલ્ડ લૅસ્કીએ સ્નેહ-પરિચય કેળવેલો, લોકચાહના મેળવેલી, અને વળતાંમાં, બહુજન સમાજ પણ લૅસ્કીનો ચાહક અને પ્રશંસક બનેલો. વ્યાપક પટ પરના આવા અર્થપૂર્ણ જીવન વાસ્તે પણ

હૅરલ્ડ લૅસ્કી પોતાનો મર્યાદિત સમય સારો એવો ફાળવતા. ચાર દીવાલોની અંદર તો લૅસ્કીએ લગાતાર શીખવ્યું જ, પણ વર્ગના કે સમયપત્રકના કોઈ બંધનમાં જકડાઈ જાય એવો લૅસ્કીનો જીવ હતો જ નહીં ! શિક્ષક ઉપરાંત સમાજસુધારક અને લોકશાહી પ્રચારકની કાર્યભૂમિકા પણ હૅરલ્ડ લૅસ્કીએ આજીવન અનોખી ભજવી. વિવિધ પ્રકારની સમાજસેવામાં તેઓ ખૂંપી જતા. લૅસ્કીનો પિંડ અનોખો હતો : અન્યાય સામે નિરંતર ઝઘડતો, ન્યાય માટે અહર્નિશ મથામણ કરતો, સમાનતા સારુ સતત લડતો એમનો જાગ્રત જીવ હતો. શારીરિક નબળાઈને તેમ સમયની ખેંચને એમણે ક્યાંય હડસેલી દીધેલી ! બ્રિટનમાં, યુરોપમાં, વિશ્વમાં ન્યાય નીતિ-સમતામૂલક નૂતન અને ગતિશીલ સમાજ રચવામાં હૅરલ્ડ લૅસ્કીએ પોતાની બધી શક્તિઓ વાપરી અને જાતને અક્ષરશઃ ઘસી નાખી ! સાને ગુરુજીની જેમ હૅરલ્ડ લૅસ્કીએ પણ પોતાના આયુષ્યની મીણબત્તી બન્ને છેડેથી નિરંતર ઓગાળતા રહીને સર્વત્ર સરસ પ્રકાશ પાથર્યો. પરિણામે, બન્નેનો જીવનદીપ અકાળે બુઝાઈ ગયો ! સાને ગુરુજી ૫૧મા વર્ષે, અને હૅરલ્ડ લૅસ્કી ૫૬ મા વર્ષે, એકાએક ચિરનિદ્રામાં પોઢી ગયા ! પણ, આ બન્ને નરવીરોએ અનેકવિધ ક્ષેત્રોમાં પાથરેલ અજવાળું સમગ્ર વિશ્વની આલમને કેવું હિતકારક અને ઉપકારક થઈ રહ્યું !

સમાજકાર્ય માટે જે કેટલાંક ક્ષેત્રો હૅરલ્ડ લૅસ્કીએ ચાહીને નિયત કર્યાં તેમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાનું કાર્યક્ષેત્ર ઠીક ઠીક મોખરે હતું. લૅસ્કી દંપતીએ લંડનના ફુલહમ બરોમાં મ્યુનિસિપલ વહીવટનો સારો એવો અનુભવ મેળવ્યો. બ્રિટિશ લેબર પાર્ટીના સામાન્ય મંત્રી મૉર્ગન ફિલિપ્સ પણ હૅરલ્ડ અને ફ્રીડા લૅસ્કી સાથે ફુલહમ પરગણાની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની કાઉન્સિલમાં મજૂર પક્ષીય સભ્ય હતા. બ્રિટનની સુપ્રસિદ્ધ ફેબિયન સોસાયટીમાં પણ હૅરલ્ડ લૅસ્કીએ યૌવન કાળથી ઉત્કટ રસ લીધો હતો. સોસાયટીનાં વ્યાખ્યાનો અને પ્રકાશનોમાં લૅસ્કીએ સક્રિય રસ દાખવ્યો. આ સોસાયટી દ્વારા બ્રિટનમાં અને વિશ્વભરમાં ઉદારમતવાદી સમાજવાદની આબોહવા અને ક્રિયાશીલતા ઠીક ઠીક માત્રામાં વિસ્તરેલી - 'ધીરે ધીરે સમાજ-સુધાર'ના તત્ત્વમાં ફેબિયન સોસાયટીનો વિશ્વાસ અને રસ હતો; એનો મુદ્રાલેખ સરસ હતો : "When I strike, I strike hard !" સાથે કાચબો એનું પ્રતીક હતું ! કાચબાની ગતિ ધીમી પણ નિશ્ચિત હોય છે, અને

અંતે એ વિજયને વરે જ છે ! ફેબિયન સોસાયટીની બધી પ્રવૃત્તિઓનું સૂત્ર અને ધ્યેય સમાજની સ્વસ્થ અને મંદ છતાં મક્કમ પ્રગતિ સધાય એ જોવાનું હતું. એમાં ઉદ્દામવાદી સમાજવાદની વાત નહોતી, પણ ઉત્કટ અને ઉત્તમ લોકશિક્ષણ દ્વારા લોકમત બાંધવાની હિમાયત હતી. કાર્લ માર્ક્સની વિચારપ્રણાલીથી રંગાયેલા હૅરલ્ડ લૅસ્કી માર્ક્સવાદની વિચારસરણીથી કદી ઘેરાયેલા નહોતા. એટલે જ એમણે ફેબિયન છાપ સમાજવાદની તરફેણ અને તારીફ કરી. 'સોસાયટી'ની કારોબારીમાં લૅસ્કી સક્રિય સભ્ય તરીકે વર્ષો સુધી ચાલુ રહ્યા, અને થોડાં વર્ષ એનું પ્રમુખપદ પણ એમણે શોભાવ્યું. ફેબિયન સોસાયટીના અનેક સંશોધનાત્મક નિબંધો તથા 'મોનોગ્રાફ'ના લેખનમાં લૅસ્કીનો નોંધપાત્ર ફાળો રહેલો. બ્રિટિશ મજૂર ચળવળમાં પણ લૅસ્કી રાતદિવસ ગૂંથાયેલા રહેલા. શ્રમજીવીઓનું સ્વમાન જાગૃત કરવામાં અને એમને ન્યાય અપાવવામાં લૅસ્કીએ તનતોડ મહેનત કરી. ૧૯૨૬ની સાલમાં બ્રિટનમાં પડેલી સામાન્ય હડતાળના લાંબા સમય દરમ્યાન લૅસ્કીએ મજૂર સંગઠનની જુદી જુદી રચનાત્મક પ્રવૃત્તિઓમાં સંગીન ફાળો આપ્યો. બ્રિટિશ મજૂર પક્ષના આગેવાન સભ્ય તરીકે લૅસ્કીએ દેશભરમાં ખૂણે ને ખાંચરે સંખ્યાબંધ જાહેર સભાઓ ગજવી; અને યુદ્ધોત્તર બ્રિટનમાંની પ્રથમ સામાન્ય ચૂંટણી વખતે તો હૅરલ્ડ લૅસ્કી સર્વ સ્થળે એવા ફરી વળ્યા, અને ચૂંટણી-પ્રચાર સભાઓમાં એમણે એવો તો ચમકારો આણ્યો, કે બ્રિટિશ મજૂર પક્ષ ભારે બહુમતીથી વિજયી બન્યો, અને વડાપ્રધાનપદે ક્લેમન્ટ ઍટલી ગૌરવભેર આરૂઢ થયા. બીજા વિશ્વયુદ્ધમાં ગ્રેટ બ્રિટનને અને સાથી રાષ્ટ્રોને જ્વલંત વિજય અપાવનાર વિન્સ્ટન ચર્ચિલનો ઘોર પરાજય સને ૧૯૪૫ની આ સામાન્ય ચૂંટણીમાં થયો ! મજૂર પક્ષના આવા અભૂતપૂર્વ ચૂંટણી-વિજયનું શ્રેય જો કોઈ એક વ્યક્તિને આપવાનું થાય તો તે હૅરલ્ડ લૅસ્કીને જ, એમ સહુએ સ્વીકાર્યું. ચૂંટણી નિમિત્તે દેશની ચારે બાજુ વીજળીક વેગે પરિભ્રમણ કરીને હૅરલ્ડ લૅસ્કીએ 'લોકશાહી સમાજવાદ'ના સિદ્ધાંતોનો પ્રભાવક પ્રચાર સમગ્ર બિટનમાં કર્યો.

રોજબરોજના રાજકીય અને જાહેર જીવનમાં પણ હૅરલ્ડ લૅસ્કી અનેકવિધ હેસિયતથી લગાતાર કાર્યશીલ રહ્યા. ત્રીસના દસકામાં એમણે અન્ય સમાજવાદી મિત્રો સાથે 'Left Book Club'ની સ્થાપના કરી, અને જૉન

સ્ટ્રેચી-સ્ટૅફર્ડ ક્રિપ્સ-વિક્ટર ગૉલાન્ઝ-અનારિયન (નાય) બેવન જેવા જહાલ વૃત્તિના સાથીઓ અને સમાજવાદી સ્નેહીઓના સંગાથમાં હૅરલ્ડ લૅસ્કીએ નવી વૈચારિક ચળવળને પોષક એવું પ્રગતિશીલ સાહિત્ય પ્રકાશિત કરાવ્યું. 'એલ.બી.સી.'ના માર્કા હેઠળ કેટલાં બધાં પ્રકાશનો એ સમયમાં થયાં! એના દરેક પુસ્તકમાં જોસ્સો અને ગુસ્સો હતો તેમ વિચાર અને અભ્યાસ પણ ! એ જમાનામાં પ્રસિદ્ધ થયેલાં આ પુસ્તકો ટપોટપ વેચાતાં અને હોંશે હોંશે વંચાતાં ! બ્રિટનમાંની પ્રૌઢ શિક્ષણની પ્રવૃત્તિમાં પણ લૅસ્કીને ઊંડો રસ હતો જ, અને લંડનમાંની ઍડલ્ટ એજ્યુકેશન સોસાયટીના તેઓ લગભગ પંદર વર્ષ સુધી ઉપપ્રમુખ પણ રહેલા. રાજ્યશાસ્ત્ર વિષયક શિષ્ટ સામાયિક 'પોલિટિકલ ક્વાર્ટર્લી'ના સંપાદક-મંડળમાં હૅરલ્ડ લૅસ્કીએ વર્ષો સુધી સેવાઓ આપી. એ અભ્યાસપૂર્ણ ત્રૈમાસિકમાં લૅસ્કીનાં વિવેચનાત્મક અને સમીક્ષાત્મક અનેક લખાણો છપાયાં. ઈંગ્લેન્ડ અને અમેરિકાનાં તથા અન્ય દેશોનાં બીજાં પ્રખ્યાત વિદ્યાકીય સામયિકોમાં પણ પ્રોફેસર લૅસ્કીના મનનીય લેખો અવારનવાર પ્રસિદ્ધ થતા રહ્યા, અને એ રીતે લૅસ્કીના મેધાવી વ્યક્તિત્વનો વિશિષ્ટ પરિચય દુનિયાભરના અભ્યાસી વાચકોને મળતો રહ્યો.

લખવું અને બોલવું એ જાણે હૅરલ્ડ લૅસ્કીના વિદ્યાકીય અને રાજકીય જીવનની શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા બની રહી ! બ્રિટન ઉપરાંત યુરોપ ખંડના અન્ય દેશોની સમાજવાદી ચળવળોને અને પ્રગતિશીલ પ્રવૃત્તિઓને હૅરલ્ડ લૅસ્કીએ અનન્ય પ્રેરણા આપી. વિધવિધ દેશોમાંના સમાજવાદી અને ડાબેરી પક્ષોની વાર્ષિક કે ખાસ પરિષદોમાં લૅસ્કીએ બ્રિટિશ મજૂર પક્ષના પ્રતિનિધિની રૂએ હાજરી આપી, અને 'સ્વતંત્રતા, સમાનતા, બંધુતા'નો પ્રાણવાન સંદેશ ગુંજતો કર્યો. બે વિશ્વયુદ્ધો દરમ્યાનના સમયમાં (ઈ.સ.૧૯૧૮-૧૯૩૯) તેમ યુદ્ધોત્તર જગતમાં (ઈ. સ. ૧૯૪૫ અને પછીનાં વર્ષોમાં) પણ પ્રોફેસર લૅસ્કીએ અમેરિકામાંનાં સંખ્યાબંધ રાજ્યોમાં, યુરોપમાંના નૉર્વે-સ્વીડન-જર્મની-ફ્રાન્સ-ઈટલી-સ્વિટ્ઝર્લેન્ડ-સ્પેનમાં તેમ જ બીજા કેટલાક દેશોમાં જુદી જુદી યુનિવર્સિટીઓમાં અભ્યાસપૂર્ણ ને રોચક વ્યાખ્યાનો આપ્યાં. ૧૯૩૪ની સાલમાં તેમણે સોવિયેત યુનિયનની મુલાકાત લઈને મૉસ્કોની વિખ્યાત સંસ્થા 'ઇન્સ્ટિટયૂટ ઑફ સોવિયેત લૉ'માં

વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો કર્યાં. ૧૯૪૬ની સાલમાં બ્રિટિશ લેબર પાર્ટીનું સત્તાવાર પ્રતિનિધિમંડળ સોવિયેત રશિયાની મુલાકાતે ગયેલું તેમાં હૅરલ્ડ લૅસ્કી એક અગ્રણી સભ્ય હતા; એ વખતે એમણે રશિયન સામ્યવાદી સર્વેસર્વા માર્શલ સ્ટાલીનની બે વાર અંગત ભેટ લીધી અને તેમની સાથે વિસ્તારથી તેમ મુક્ત મને વિચારોની આપ-લે કરી. રશિયામાંના આ વાસ્તવ્ય દરમ્યાન લૅસ્કીએ સોવિયેત કાયદો ને ન્યાય પદ્ધતિનું બારીકાઈથી અવલોકન કર્યું, જેની નીપજ રૂપે પાછળથી લૅસ્કીની નાની સુંદર પુસ્તિકા "Law and Justice in Soviet Russia" પ્રગટ થઈ. પ્રોફેસર લૅસ્કીએ પોલેન્ડની મુલાકાત પણ લીધી હતી. આ બધા પ્રવાસોમાં ફ્રીડા લૅસ્કી પણ પતિની સાથે હોય જ ! મૉર્ગન ફિલિપ્સ પણ અનેક પ્રસંગોએ લૅસ્કી દંપતી સાથે આ વિદેશ-પ્રવાસોમાં જોડાયા હતા.

ઘરઆંગણે અનેક સરકારી સમિતિઓમાં અને સાર્વજનિક મંડળીઓમાં સભ્ય રહીને હૅરલ્ડ લૅસ્કીએ પોતાની અમૂલ્ય સેવાઓ આપી હતી. એનાથી સરકારને, સંબંધકર્તા સંસ્થાઓને તથા દેશ આખાને લાભ જ થયો. લૅસ્કીના વિશાળ અનુભવનો અને ઊંડા જ્ઞાનનો સહુને નિકટનો પરિચય થયો. જાહેર કાર્યને હૅરલ્ડ લૅસ્કી નિત્ય ખૂબ મહત્ત્વ આપતા. જાહેર જીવનમાં જોતરાવું એ લહાવો જ માત્ર નહીં પણ પરમ લોકશાહી ધર્મ છે એમ હૅરલ્ડ લૅસ્કીની પાકી સમજ અને દૃઢ નિષ્ઠા હતી. બ્રિટિશ લેબર પાર્ટી સને ૧૯૨૪માં, અને ફરીથી ૧૯૨૯માં, સંસદમાં લઘુમતીમાં હોવા છતાં સત્તાસ્થાને હતી ત્યારે - તથા પાછળથી સને ૧૯૪૫માં ને પછીનાં વર્ષોમાં મજૂર પક્ષની જબરજસ્ત બહુમતીવાળી સરકાર રાજ ચલાવતી હતી તે વેળાએ - હૅરલ્ડ લૅસ્કીએ સંખ્યાબંધ 'મજૂર' પ્રધાનોને બ્રિટિશ સમાજના વિવિધ પ્રશ્નો પરત્વે કીમતી સલાહસૂચનો અને સમયસર સરસ સહાય આપેલાં. પ્રત્યક્ષ રાજકારણમાં અને ચૂંટણી લડવામાં લૅસ્કીને ઝાઝો રસ નહોતો. તેઓ ધારત તો મજૂર પક્ષના મજબૂત ગણાતા મતવિસ્તારોમાંથી આસાનીથી ચૂંટાઈને આમની સભામાં જઈ શક્યા હોત, અને સંસદ સભ્ય બનવા ઉપરાંત પ્રધાન પણ થઈ શક્યા હોત ! પરંતુ એવી સત્તાકીય ગણતરીઓ અને ભાંજગડોમાં લૅસ્કી કદી ન પડ્યા ! એમની મહત્ત્વાકાંક્ષા તો રાજકારણમાં સારા અને લાયક માણસોને સરસ

તૈયાર કરવાની હતી. સક્રિય પક્ષીય રાજકારણના ક્ષેત્રે, તેમ જ સંસદીય અને સરકારી સપાટીએ, ખંતીલા અને ખુમારીવાળા સુસજ્જ નાગરિકો જોતરાય એ જોવાને લૅસ્કી સતત ઇન્તેજાર અને પ્રયત્નશીલ રહ્યા હતા. રાજકારણમાં સારા, સહૃદયી, ચારિત્ર્યવાન, વિચારશીલ નાગરિક ભાઈબહેનો ઉત્સાહથી અને આદર્શપ્રિયતા વડે સક્રિય ભાગ લે એ માટેની નક્કર પૂર્વભૂમિકા રચવામાં લૅસ્કી હંમેશ રચ્યાપચ્યા રહેલા. પોતે નેપથ્યમાં રહીને, જ્યાંત્યાંથી સુપાત્ર કલાકારોને સક્રિય રાજકારણની રંગભૂમિ પર આકર્ષવામાં અને તેમની રાષ્ટ્રપોષક ભૂમિકા ભજવાવવામાં હૅરલ્ડ લૅસ્કીને પોતાના જીવનની ધન્યતા લાગતી. આવા રચનાત્મક રાજકીય કાર્ય ઉપરાંત લૅસ્કીએ ઔદ્યોગિક લવાદીનું કામ પણ ઢગલાબંધ કર્યું. વૃત્તપત્ર વ્યવસાય અને રાજકીય કટારલેખનમાં પણ હૅરલ્ડ લૅસ્કીએ ઠીક ઠીક હાથ અજમાવ્યો. મજૂર પક્ષના સત્તાવાર મુખપત્ર 'ડેઇલી હેરલ્ડ'માં હૅરલ્ડ લૅસ્કીનું દૈનિક કૉલમ અનેક વર્ષ પ્રગટ થતું રહ્યું. એ કૉલમના અસંખ્ય વાચકો લૅસ્કીની મૌલિક કલમ-પ્રસાદીની ઉત્સુક્તાથી રોજ રાહ જોતા. વૃત્તપત્રો તેમ સામયિકો માટે સતત લખતા રહેલા લૅસ્કીને એમનાં મૂળ લખાણો પર ફરી નજર નાખવાનું ભાગ્યે જ બનતું, એટલે અનેક વાર એમાં શરતચૂકથી ભૂલો અને ક્ષતિઓ રહી જતી, પણ સદ્ભાગ્યે એવી ઊણપો ગૌણ સ્વરૂપની હતી એટલે લૅસ્કીની પ્રતિષ્ઠામાં બહુ વાંધો ન આવ્યો ! 'રાત ટૂંકી અને વેષ ઝાઝા' એવી લૅસ્કીની નિત્ય સ્થિતિ રહેતી ! ગંભીર સામયિકોમાં અને અભ્યાસી ગ્રંથો માટે તૈયાર કરેલું લખાણ પણ લૅસ્કીને ન છૂટકે ઉતાવળે લખવું પડતું; એમાં બહુ ભૂલો નહોતી તોયે કચાશ તો ક્યારેક ક્યારેક રહેતી જ.એ કારણે લૅસ્કીનાં લખાણો પર વિદ્વાનોની અને સમીક્ષકોની ટીકાઓ પણ વરસતી ! સદા ઝડપમાં અને કાયમ કાર્યશીલતામાં પરોવાયેલા હૅરલ્ડ લૅસ્કીને નિરાંતની થોડી વધુ પળો મળી હોત તો એમનું લેખન સવિશેષ સૂત્રબદ્ધ અને સમર્થ બનત ! અખબારી અને અભ્યાસવિષયક લેખનકાર્ય ઉપરાંત હૅરલ્ડ લૅસ્કીનો સમય મજૂર પક્ષની અનેકવિધ કામગીરીમાં પણ ઓછો ખર્ચાતો નહોતો. લેબર પાર્ટીના દરેક વાર્ષિક અધિવેશનમાં લૅસ્કીની હાજરી અને સક્રિય સામેલગીરી હોય જ; એ બધી બેઠકોમાં જુદા જુદા સભ્યો અને પ્રતિનિધિઓ જે ચર્ચાવિચારણા કરે તેમાં પણ હૅરલ્ડ લૅસ્કી આગળ પડતો ભાગ અચૂક ભજવે !

પોતાના વતન પ્રદેશ ગ્રેટ બ્રિટન પછી, કદાચ, અમેરિકા બાદ કરતાં, હૅરલ્ડ લૅસ્કીને ભારત માટે અને ભારતીય પ્રજા વાસ્તે અતિશય મમત્વ, બલકે એક પ્રકારે આત્મીય ભાવ હતો. સ્વાતંત્ર્ય માટેની ભારતની સ્વાભાવિક આકાંક્ષા પ્રત્યે લૅસ્કીને સંપૂર્ણ સહાનુભૂતિ હતી એટલું જ નહીં પણ એ આકાંક્ષા સિદ્ધ થાય એ સારુ એમણે પોતાનો પૂરો સક્રિય ટેકો બધી રીતે આપ્યો હતો. હૅરલ્ડ લૅસ્કી લંડનમાંની 'ઇન્ડિયા લીગ'ના એક આગેવાન સભ્ય હતા. સને ૧૯૧૯ના એપ્રિલ માસમાં અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં બ્રિટિશ લશ્કરી જવાનોએ સર્જેલા ભયંકર હત્યાકાંડ વખતે પંજાબના ગવર્નર તરીકેની જવાબદારી સર માયકલ ઑડ્વાયર સંભાળી રહ્યા હતા. એમના જ આક્રમક અને આત્યંતિક વલણને કારણે ગોરા ટૉમીઓએ સંખ્યાબંધ નિર્દોષ ભારતીય પ્રજાજનો પર ગોળીઓનો આડેધડ મારો ચલાવેલો. સર માયકલના આવા અમાનુષી વર્તનને સખ્તપણે વખોડતું પુસ્તક સર શંકરન્ નાયર નામના એક ભારતીય શ્રીમંત સજ્જને લખ્યું, એની સામે સર માઈકલે 'લાઈબેલ'નો કેસ માંડ્યો. નાયર સામેનો બદનક્ષીનો આ દાવો કોર્ટમાં શરૂ થયો ત્યારે 'જ્યૂરી'ના સભ્ય તરીકે હૅરલ્ડ લૅસ્કી પણ કોર્ટના કામકાજમાં સામેલ થયા હતા. સદર કેસ ઠીક ઠીક લાંબો ચાલ્યો, અને એના સાદ-પ્રતિસાદ બ્રિટનમાં તેમ ભારતમાં પડતા રહ્યા. 'જ્યૂરી'ના બધા ગોરા સભ્યોએ આખો કેસ કાળજીપૂર્વક સાંભળેલો. અદાલતમાંની આ કાર્યવાહી વખતે હૅરલ્ડ લૅસ્કીની ભૂમિકા સવિશેષ ચેતનવંતી અને ચપળ રહી. લૅસ્કીનું કાયદાનું જ્ઞાન ઊંડું અને ઝીણવટભર્યું હતું એનો સચોટ ખ્યાલ કોર્ટમાંના સહુને - નામદાર ન્યાયમૂર્તિને, 'જ્યૂરી'ના અન્ય સભ્યોને તેમ જ કોર્ટ-ખંડમાંના શ્રોતાઓને અને જાહેર જનતાને - આબાદ આવ્યો. લૅસ્કીના એકધારા મક્કમ વિરોધી સૂરને વશ થઈને ન્યાયાધીશે સર શંકરન્‌ને નજીવી સજા કરી. પણ, આ આખા પ્રસંગ દરમ્યાન હૅરલ્ડ લૅસ્કીને પાકી ખાતરી થઈ ચૂકી કે બ્રિટિશરોએ ભારતમાં રાજકીય માલિકો અને સત્તાધારી હાકેમો તરીકે પળવાર પણ રહેવું ન જોઈએ ! અમેરિકામાંના પોતાના મિત્ર ફીલિપ્સ ફ્રૅન્કફર્ટરને એ વિષે લખતાં હૅરલ્ડ લૅસ્કીએ સાફ જણાવ્યું કે, "ભારતમાં રાજ ચલાવવાની અમારી કોઈ લાયકાત

નૈતિક દૃષ્ટિએ મને દેખાતી નથી !" ભારતના લોકો જ ભારત પર રાજ ચલાવે એ સીધુંસાદું પણ અતિ મહત્ત્વનું સત્ય હૅરલ્ડ લૅસ્કીએ પોતાના દેશ-બાંધવોને ત્યારથી [૧૯૧૯ ની સાલથી] જ સંભળાવવા અને સમજાવવા માંડેલું ! ૧૯૩૨ - ૩૩ ના વર્ષમાં લંડનમાં મળેલી ગોળમેજી પરિષદોમાં ભારત માટે બંધારણીય સુધારાઓ અંગેની મંત્રણાઓ થઈ અને નવા ભારતીય ખરડાનું માળખું તૈયાર કરાયું, તેમાં પણ હૅરલ્ડ લૅસ્કીનો ફાળો હતો જ ! ગોળમેજી પરિષદોના આ સમયગાળામાં હૅરલ્ડ લૅસ્કીને મહાત્મા ગાંધીનો પરિચય થયો. ગાંધીજીના બધા જ સિદ્ધાંતો, અને સવિનય કાનૂન ભંગનાં ગાંધી-પ્રણીત સર્વ તત્ત્વો, લૅસ્કીને માન્ય નહોતાં, પણ મહાત્માજીની વિશિષ્ટ મહત્તા અને અજોડ લોકપ્રિયતા વિશે લૅસ્કીને લેશમાત્ર શંકા નહોતી. એ પછીનાં વર્ષોમાં પ્રોફેસર લૅસ્કીની મિત્રતા પંડિત જવાહરલાલ નેહરુ સાથે બંધાઈ, અને બન્ને એકમેકના ગાઢ મિત્રો બની રહ્યા. જવાહરલાલ નેહરુ સ્વતંત્ર ભારતમાં લોકશાહી સમાજવાદ પ્રસ્થાપિત કરશે એવી આશા અને શ્રદ્ધા હૅરલ્ડ લૅસ્કીને હતી. નેહરુમાં ગાંધીજીની તેમ પૂર્વની આધ્યાત્મિક મૂડી હોવા ઉપરાંત પશ્ચિમની વૈજ્ઞાનિક દૃષ્ટિ અને આંતરરાષ્ટ્રીય વૃત્તિ પણ હતી એ લૅસ્કીએ જોયું. પંડિતજીને પણ પ્રોફેસરસાહેબ માટે ખૂબ પ્રેમ અને આદરભાવ હતો. જવાહરલાલજી જ્યારે લંડન જાય ત્યારે હૅરલ્ડ લૅસ્કીને ઘેર જતા. નેહરુએ પોતાનો ફોટો ખાસ સહી (સ્વાક્ષરી) કરીને "હૅરલ્ડ લૅસ્કીને - એમના મિત્ર તરફથી" એમ લખીને, લૅસ્કીને ભેટ આપેલો. પ્રોફેસર લૅસ્કી સાથે નિકટની મિત્રતાથી પંડિત નેહરુ ગૌરવ અનુભવતા. ભારતની મુલાકાતે આવવાનું ઉષ્માભર્યું નિમંત્રણ નેહરુએ લૅસ્કીને આપેલું, અને પ્રોફેસરસાહેબે ઉત્સાહપૂર્વક તેમ કૃતજ્ઞતાથી એ સ્વીકાર્યું પણ હતું. લૅસ્કીની સર્વપ્રથમ ભારત-મુલાકાતની તારીખ - ઑક્ટોબર, ૧૯૫૦ - પણ નક્કી થઈ. પરંતુ વિધિને એ મંજૂર નહોતું ! એ જ સાલમાં, માંડ આઠેક દિવસની ગંભીર માંદગી બાદ, પ્રોફેસર લૅસ્કીનું ઓચિંતું અવસાન થયું ! દુનિયાભરના અસંખ્ય લૅસ્કી-ચાહકોએ દુઃખનો ભારે આંચકો અનુભવ્યો. વિશ્વભરમાં પથરાયેલા લૅસ્કીના હજારો અને લાખ્ખો વિદ્યાર્થીઓએ અને વાચકોએ ચોધાર આંસુ સાર્યાં ! મને બરાબર યાદ છે : પ્રોફેસર લૅસ્કીનો પ્રત્યક્ષ

પરિચય અને પ્રેમ મને મળી શકેલો નહીં તોયે આ આઘાતજનક સમાચારથી હું હેબતાઈ ગયેલો ! લૅસ્કીના મૃત્યુથી ખિન્નતાની અને ખાલીપણાની ભાવના અને વેદના મેં અનુભવી.

ફ્રાન્સના એક સમયના નામાંકિત વડા પ્રધાન અને પ્રખ્યાત યુરોપિયન સમાજવાદી નેતા લીઓ બ્લૂમે, ગંભીર માંદગીના બિછાનેથી, પોતાના પ્યારા દોસ્ત અને નિકટના સાથીના અકાળ મૃત્યુ પર ખેદ વ્યક્ત કરીને દર્દભર્યા શબ્દોમાં લૅસ્કીને ભાવભરી અંજલિ આપી, અને ઉમેર્યું કે, "રાજ્યશાસ્ત્રના પ્રખર અને અમર ચિંતકોમાં હૅરલ્ડ લૅસ્કીનું સ્થાન મહત્ત્વનું રહેશે. મૉન્તેસ્કયૂ અને દ ટૉક્‌વિલ સાથે લૅસ્કીને, સહેજે, ગૌરવપૂર્વક સરખાવી શકાય. વીસમી સદીના પ્રથમ અર્ધ સૈકામાં ભાગ્યે જ કોઈ અન્ય વ્યક્તિએ યુરોપમાંની સમગ્ર પ્રજાના માનસ પર આટલી ઊંડી અને કાયમી છાપ પાડી હશે !" લીઓ બ્લૂમે હૅરલ્ડ લૅસ્કીની લોકશાહી આસ્થાની પણ ભારોભાર તારીફ કરી. સમાજવાદની મક્કમ હિમાયતની સાથે સાથે લોકશાહી વિચારતત્ત્વ અને સંસ્થાઓની ઉત્કટ અને મૌલિક વકીલાત હૅરલ્ડ લૅસ્કીએ કરી એની પણ બ્લૂમે ખાસ નોંધ લીધી. વિધિની કરણી કેવી અકળ અને અટળ હોય છે ! - હૅરલ્ડ લૅસ્કીની ચિરવિદાયના પાંચ જ દિવસ પછી લીઓ બ્લૂમ પણ અનંતની યાત્રાએ સીધાવ્યા !

પ્રોફેસર હૅરલ્ડ લૅસ્કીના અસાધારણ વિશિષ્ટ વ્યક્તિત્વનાં વિવિધ પાસાં હતાં : તેઓ એકસાથે વ્યક્તિવાદી તેમ સમાજવાદી હતા; લોકશાહીના પુરસ્કર્તા તેમ માર્ક્સવાદના પ્રવકતા હતા; વ્યક્તિગત સ્વાતંત્ર્યના હિમાયતી તેમ આર્થિક-સામાજિક સમાનતાના આગ્રહી હતા ! 'બહુત્વવાદ'ના સિદ્ધાંતના તેઓ પ્રખર પ્રચારક રહ્યા. લૅસ્કીના દિલમાં માનવતાનું ઝરણું સતત વહેતું હતું. પ્રત્યેક માનવના સ્વાતંત્ર્ય અને ગૌરવને હૅરલ્ડ લૅસ્કી ઉષ્માભેર ઝંખતા, તથા એ માટે પોતાથી બનતું બધું કરી છૂટતા. કાર્લ માર્ક્સની મૌલિક અને પ્રશિષ્ટ વિચારધારાથી લૅસ્કીનું વ્યક્તિત્વ પૂરું રંગાયેલું રહેવા સાથે લૅસ્કી પૂરેપૂરા 'ઈંગ્લિશમેન' ચાલુ રહેલા; નાગરિકના મુલ્કી, રાજકીય, શૈક્ષણિક, સાંસ્કૃતિક આદિ તમામ અધિકારો અને સ્વાતંત્ર્યો માટે હૅરલ્ડ લૅસ્કી

હંમેશ અડગતાથી અને ટટ્ટાર ઊભા રહેલા ! દરેક વ્યક્તિએ પોતાનું સ્વાતંત્ર્ય જાગ્રતપણે અને જીદથી રોજેરોજ કમાવવાનું, સાચવવાનું અને વધારવાનું છે એમ પ્રોફેસર લૅસ્કી આસ્થાપૂર્વક અને ભારપૂર્વક માનતા અને કહેતા. બ્રિટિશ સંસદીય લોકશાહી પ્રત્યે લૅસ્કીને સ્વાભાવિક જ પક્ષપાત હતો, પણ એના નિકટના પરિમય અને નિત્ય પ્રેમને કારણે એમનામાં બ્રિટિશ પાર્લામેન્ટરી વ્યવસ્થા વિષે અંધશ્રદ્ધા કે અતિરેકી આસ્તિકતા પ્રવેશી નહોતી. સંસદીય કાર્યપદ્ધતિના ગુણદોષ એમણે વસ્તુલક્ષી રીતે અને સ્પષ્ટપણે જોયા હતા. ઈંગ્લેન્ડમાંની સંસદીય શાસન-પ્રણાલિ પરના એમના સુંદર અને ટીકાત્મક ગ્રંથ "Parliamentary Government in England : A Commentary" [ઈ.સ. ૧૯૩૮]માં એની ચર્ચા- વિચારણા લૅસ્કીએ વિગતે અને વિશદતાથી કરી છે. [આ પુસ્તકનો હિન્દી અનુવાદ 'ઈંગ્લૅન્ડ કા સંસદીય શાસન' નામે દિલ્હીથી એસ. ચંદ ઍન્ડ કંપનીએ પ્રકાશિત કર્યો છે.]

હૅરલ્ડ લૅસ્કીનું સવિસ્તર અને સુંદર જીવનચરિત્ર એમના પરમ મિત્ર [અને, લંડનના જગપ્રસિદ્ધ 'ન્યૂ સ્ટેટ્સમેન' સાપ્તાહિકના સુદીર્ઘ સમય સુધી સંપાદક] કિંગ્સલે માર્ટિને લખ્યું છે. "Harold Laski [1893-1950] : A Biographical Memoir" શિર્ષક હેઠળ લંડનના વિક્ટર ગૉલાન્ઝ પ્રકાશકે ૧૯૫૩ની સાલમાં એ પ્રસિદ્ધ કર્યું. લૅસ્કીના સંસ્કાર-સમૃદ્ધ જીવનની અનેકવિધ બાબતો અને ખાસિયતો માર્ટિને આ ચરિત્ર-ગ્રંથમાં સહાનુભૂતિપૂર્વક વર્ણવી છે. ૨૮૭ પાનાંનો આ મહત્ત્વપૂર્ણ જીવન-આલેખ પ્રગટ થતાં વેંત સહુએ આવકાર્યો, તેમ કેટલાક સમીક્ષકોએ અને ટીકાકારોએ ઠપકાર્યો પણ ! છતાં, એક વાત ચોક્કસ કે પ્રોફેસર લૅસ્કીના સર્વતોમુખી અદ્‌ભુત જીવન વિષે માર્ટિનનું આ પુસ્તક ઘણી મહત્ત્વની અને મૂલ્યવાન સામગ્રી વાચકો આગળ પીરસે છે. વર્ષો બાદ, ૧૯૭૭ની સાલમાં 'Harold Laski' નામે બીજું એક ચરિત્રાત્મક વિશ્લેષણ પ્રસિદ્ધ થયું, જેના લેખક ગ્રૅનવિલ ઈસ્ટવૂડ છે. લંડન અને ઑક્સફર્ડના માઉબ્રેસ પ્રકાશકે બહાર પાડેલા આ પુસ્તકનો આમુખ તત્કાલીન બ્રિટિશ વડા પ્રધાન અને મજૂર પક્ષના એક બુઝર્ગ નેતા જેમ્સ કૅલેહને લખ્યો છે. આ પુસ્તક પણ હૅરલ્ડ લૅસ્કીના મહત્ત્વપૂર્ણ જીવનકાર્યનો મનનીય આલેખ રજૂ કરે છે.

પ્રોફેસર હૅરલ્ડ લૅસ્કીના રાજકીય ચિંતન વિષે પણ અનેક અભ્યાસી વિવેચકોએ ઠીક ઠીક વિસ્તારથી વિવરણ અને પૃથક્કરણ કર્યું છે. રાજ્યશાસ્ત્રના જે નામાંકિત અને દિશાસૂચક તત્ત્વચિંતકો થયા - પ્રાચીન ગ્રીસમાં પ્લેટોથી માંડીને આજ સુધીના આશરે અઢી હજાર વર્ષના સહુ વિચારકો - તેમાં હૅરલ્ડ લૅસ્કી નિઃશંક માનભર્યું સ્થાન ધરાવે છે. અલબત્ત, લૅસ્કીનાં વિપુલ લખાણોની તુલનામાં એમનું સ્થાયી અને મૂલગ્રાહી લેખન કંઈક ઓછું થયું એ ખરું, પણ રાજ્યની સાર્વભૌમત્વની વિભાવના વિષેનું લૅસ્કીનું કથન અને ટિપ્પણ હંમેશને માટે ચિંતનીય અને ઉપયોગી નીવડ્યું છે. સ્વાતંત્ર્ય અને સમાનતા વિષેના હૅરલ્ડ લૅસ્કીના અભિગમો અને આગ્રહો પણ એવા જ અગત્યના બની રહ્યા છે.રાજકીય ચિંતન અને વિચારધારા પરનાં પોતાનાં પુસ્તકોમાં અનેક રાજ્યશાસ્ત્રજ્ઞોએ હૅરલ્ડ લૅસ્કીના વિવિધ રાજકીય તત્ત્વવિચારોની સુરેખ ટીકાત્મક સમીક્ષા કરી છે. એકલા લૅસ્કીના રાજકીય દર્શન પર પણ થોડાં સ્વતંત્ર પુસ્તકો બહાર પડ્યાં છે. અમેરિકન અભ્યાસી હર્બર્ટ એ. ડીન લિખિત "The Political Ideas of Harold J. Laski" પુસ્તક ન્યૂયૉર્કના કોલંબિયા યુનિવર્સિટી પ્રેસે ૧૯૫૫ની સાલમાં પ્રસિદ્ધ કર્યું. ૩૭૦ પાનાંના આ ગ્રંથમાં લેખકે લૅસ્કીના વૈચારિક જીવનક્રમને પાંચ ભાગમાં વહેંચીને લૅસ્કીની સમગ્ર રાજકીય વિચારધારા તબક્કાવાર કેવી રીતે વિકસી એનું સરવાળે સમત્વભર્યું બયાન આપ્યું છે. જો કે, ડીન ક્યારેક વધુ પડતા અનુદાર આલોચક પણ બન્યા છે. પુસ્તકના ઉપસંહારમાં ડીને એવો નિસાસો પ્રગટ કર્યો કે, હૅરલ્ડ લૅસ્કી એમનાં આરંભનાં વર્ષોમાં જેટલા આશાસ્પદ જણાયા હતા તેટલા આખરનાં વર્ષોમાં કંઈક અધૂરપવાળા ચિંતક તરીકે પ્રગટ થયા છે ! એ પહેલાં, ૧૯૬૮ની સાલમાં,"From Pluralism to Collectivism : The Development of Harold Laski's Political Thought" પુસ્તક હૉલેન્ડના વૅન ગૉરકુમ પ્રકાશક તરફથી પ્રસિદ્ધ થયું તેમાં હૅરલ્ડ લૅસ્કીના રાજકીય વિચારદર્શનનો વધારે વ્યવસ્થિત અને વાચનીય આલેખ પ્રસ્તુત થયો છે. આ પુસ્તકના લેખક Bernard Zylstraના મતે, લૅસ્કીનું રાજકીય ચિંતન નૈતિક વ્યક્તિવાદના પાયા પર રચાયું છે, અને પ્રાયોગિક તથા પ્રત્યક્ષ વાસ્તવિકતાથી એ રંગાયું છે. ભારતીય પ્રાધ્યાપક ડૉ. જી.એન. શર્મા લિખિત "ધિ પોલિટિકલ થૉટ

ઑફ હૅરલ્ડ જે. લૅસ્કી" નામનું નાનકડું પુસ્તક ઓરિયેન્ટ લૉન્ગમન્સ તરફથી ૧૯૬૫ની સાલમાં બહાર પડ્યું તે એક સ્તુત્ય ઉપક્રમ છે ખરો, પણ ૧૩૮ પાનાંના આ પુસ્તકમાં લૅસ્કીના સમગ્ર રાજકીય દર્શનનો બહુ સંતોષકારક અભ્યાસ-આલેખ આપણને મળતો નથી.

પ્રોફેસર હૅરલ્ડ લૅસ્કીના સમગ્ર જીવનનું મધ્યબિંદુ, માનચિહ્ન અને મુખ્ય રહસ્ય એ એમની આદર્શ તથા ઉત્તમ અધ્યાપક તરીકેની જ્વલંત અને અમર કામગીરી ! અધ્યાપન એ હૅરલ્ડ લૅસ્કી માટે એક આધ્યાત્મિક અને અત્યંત રોમહર્ષક આહ્વાન હતું - એને સફળતાપૂર્વક ઝીલવામાં લૅસ્કીએ પોતાની તમામ શક્તિઓ વડે અસામાન્ય વિરલ પુરુષાર્થ કરી બતાવ્યો ! "Holmes - Laski Letters"ના બે દળદાર ગ્રંથોના આમુખમાં જસ્ટિસ ફ્રૅન્કફર્ટરે લખ્યું તેમ, લૅસ્કીએ પોતાની વિદ્વત્તા, વક્તૃત્વ શક્તિ, કલ્પકતા, ઉદારતા, અને સૌથી વિશેષ તો યુવાન પેઢીમાં અપૂર્વ અને ઉત્કટ એવો રસ, સતત વ્યક્ત કરતા રહીને વીસમી સદીના એક ઉત્તમ અને તેજસ્વી પ્રાધ્યાપક તરીકેનું માનભર્યું સ્થાન અને અમરત્વ વિશ્વના વિદ્યાજગતમાં પ્રાપ્ત કર્યું. ગુરુ લૅસ્કી પોતાના કોઈ શિષ્ય પર કશાયે પ્રકારનો વિચાર-બોજ કે મતાગ્રહ લાદતા નહીં ! વિદ્યાર્થી એની પોતાની સ્વતંત્ર બુદ્ધિ-શક્તિથી વિચારે એ જોવાને પ્રોફેસર લૅસ્કી સદા ઉત્સુક રહેતા. બી.કે. નેહરુએ ૧૯૩૪ની સાલમાં 'એલ.એસ.ઈ.'ને અને લૅસ્કીને 'આવજો' કર્યા બાદ ચૌદ વર્ષે નેહરુ ફરી લંડનમાં ઇન્ડિયા હાઉસ ખાતે કૃષ્ણ મેનને યોજેલ ભોજન-મિલનમાં પોતાના ગુરુને મળ્યા ત્યારે બી.કે.એ લૅસ્કી આગળ નિખાલસતાથી કબૂલાત કરી કે, "તમે મને જે કોઈ રાજકીય વિચારો શીખવ્યા તેનાથી સાવ ઊલટા જ રાજકીય મતો હું આજે ધરાવું છું !" પ્રોફેસર લૅસ્કીએ તરત જ પ્રતિસાદ આપ્યો : "મેં તમને કોઈ વિચારો શીખવ્યા નહોતા. તમે તમારી મેળે વિચારતા થાઓ એ જ મેં તમને શીખવેલું ! સ્વતંત્ર રીતે કેમ વિચારવું એ મેં તમને શીખવાડ્યું, અને એમાં હું સફળ થયો, એ જોઈ ખૂબ ખુશ થાઉં છું."

ભારતીય પરંપરામાં ગુરુવંદના અને ગુરુ-તર્પણનું માહાત્મ્ય મોટું છે. ભક્તિભાવે અને વિનમ્રતાથી ગુરુસમીપ બેસીને [અને રહીને] ઉત્તમ વિદ્યા સંપાદન કરવી એ સાચા શિષ્યની મહેચ્છા હોય છે. ગુરુની તેજસ્વી પ્રજ્ઞાની

હૂંફ મેળવીને શિષ્ય પછી પોતાની સ્વતંત્ર તથા આગવી સૂઝ અને સમજ પ્રમાણે વર્તે છે, અને એ રીતે નિજી જીવનક્રમ આચરે છે તથા ગુરુ પ્રત્યેની અપાર કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. સને ૧૯૫૪ની ૧૫મી ઑગસ્ટે - આપણી આઝાદીના આઠમા પર્વ પર - સૌ.પૂર્ણિમાએ અને મેં અમદાવાદમાં અમારા જન્મ અને જીવનકાર્ય સ્થળે - હૅરલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યુટ ઑફ પોલિટિકલ સાયન્સની સ્થાપના કરી. સારા નસીબે, એનો શુભારંભ મારા પિતા દાદાસાહેબ ગણેશ વાસુદેવ માવળંકરના મંગલ પ્રવચનથી થયો. છેલ્લાં ૩૯ વર્ષથી આ જ્ઞાન-વિચારયજ્ઞ અખંડ ચાલુ રહ્યો છે તેનું શ્રેય ઇન્સ્ટિટ્યૂટનાં સહુ વાર્ષિક અને આજીવન સભ્યોને ઘટે છે; પરમાત્માની અસીમ કૃપા અને વડીલજનોની વત્સલ આશિષ તો ખરી જ ! હવે, ૩૦ જૂન ૧૯૯૩ને રોજ, પ્રોફેસર હૅરલ્ડ લૅસ્કીની જન્મશતાબ્દીનો આનંદદાયક અવસર ઇન્સ્ટિટ્યૂટમાં ઉજવાય છે તેની સાથે સાથે, આગામી ૧૫મી ઑગસ્ટે લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ ૪૦મા વર્ષમાં પ્રવેશે છે એ ઘટના અવશ્ય આહ્‌લાદક તથા સંતોષપ્રદ છે. હૅરલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટની આજ સુધીની કામગીરીનું યથાયોગ્ય મૂલ્યાંકન કરવાનું નિમિત્ત સહુ ટેકેદારો અને ટીકાકારો પર છોડું છું - સહ-સ્થાપક તરીકે સૌ. પૂર્ણિમા અને સ્થાપક-નિયામક તરીકે હું, અમે જ વાવેલ બીજ વિષે, અને એમાંથી ઊગેલ વેલ અંગે, કશું લખીએ કે કહીએ એ ઉચિત નહીં ગણાય. અમારાં સાથીઓએ અને અમે છેલ્લા ચાર દાયકાથી જે જ્ઞાન-પરબ માંડી છે તેની શુચિતા અને પવિત્રતા આજીવન તાજગીભરી જાળવી રાખીશું, એટલું જ વિનમ્ર અને કૃતજ્ઞ ભાવે સહુ મિત્રોને અને દેશબાંધવોને તથા વિદેશોમાંનાં સ્નેહીઓને અમે જણાવીએ !

લંડનથી સ્વદેશ પાછો ફર્યો ત્યારે, ૧૯૫૩ના જૂનમાં, શ્રીમતી ફ્રીડા લૅસ્કીએ મને એમના ઘરમાંની કેટલીક મૂલ્યવાન અંગત ચીજો, ‘ડેવન લૉજ’ના લૅસ્કી નિવાસસ્થાનમાંના અમારા સુખદ અને સંસ્મરણીય દિવસોની મીઠી યાદગીરી રૂપે, ભેટ આપી : પ્રોફેસર લૅસ્કી જે ‘પાર્કર’ ફાઉન્ટન પેન વાપરતા હતા તે, એમના ગ્રંથાલયમાંનાં થોડાંક કીમતી પુસ્તકો, તથા અન્ય કેટલીક અમૂલ્ય ‘સુવિનેર’ સમી ચીજો - એમાં સૌથી પ્રિય અને સંગ્રાહ્ય તે ફ્રેન્ચ તત્ત્વજ્ઞ વૉલ્ટેરની સરસ મઝાની મુખાકૃતિવાળી પ્રેરક પ્રતિમા ! Voltaireનું આ સુંદર ‘બસ્ટ’ હૅરલ્ડ લૅસ્કીના અ.. ાસખંડમાં એમના મેજ

પર કાયમ રહેતું. ક્રીડાએ ખાસ ચાહીને એ મને ભેટ આપ્યું તેથી હું ખૂબ રાજી થયો. વૉલ્ટેરનો જીવનપટ સને ૧૬૯૪થી ૧૭૭૮ સુધીનો રહ્યો. ખ્યાતનામ ફ્રેન્ચ લેખક, કવિ અને નવલકથાકાર વિક્ટર હ્યુગોએ પોતાના રાષ્ટ્રના આ મહાન અને અમર જ્ઞાની અને દર્શકની શતાબ્દી પ્રસંગે વૉલ્ટેરને આદરાંજલિ અર્પતાં કહ્યું કે, "Voltaire was more than a man; he was an age." ૮૪ વર્ષનું અર્થપૂર્ણ જીવન અસરકારક રીતે જીવી જનાર વૉલ્ટેરનું નામ ફ્રાન્સમાં એક આખા યુગ સાથે કાયમને માટે જોડાઈ ગયું છે !

દુનિયાભરનાં સહુ લોકશાહી-પ્રેમીઓ વૉલ્ટેરનું એક અમર કથન વારંવાર ટાંકે છે : "I disapprove of what you say, but I will defend to the death your right to say it !" વ્યક્તિ-સ્વાતંત્ર્યની, વાણી-સ્વાતંત્ર્યની, તથા લોકશાહી સમાજમાં સહિષ્ણુતાની નિતાન્ત અગત્યની, જે સ્વયંસ્ફૂર્ત અભિવ્યક્તિ વૉલ્ટેરે કરી એ જ પાયાની વાત હૅરલ્ડ લૅસ્કીએ પણ એમની પોતાની રીતે આજન્મ અવિરત ઘૂંટી !

રાજ્યશાસ્ત્રનાં અસંખ્ય વિદ્યાર્થી ભાઈ-બહેનોના તથા મારા આ પ્રાણવાન અને પ્રેરક ગુરુ હૅરલ્ડ લૅસ્કીને એમની જન્મશતાબ્દીએ ભાવભરી વંદના !

❖ ❖ ❖

Acc. No. 130207
Date 6-9-2010

# હેરલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ

[ સભ્યપદ વિષેની માહિતી ]

| પ્રકાર | | રકમ |
|---|---|---|
| ○ **આજીવન પેટ્રન સભ્ય** | : | રૂ. ૨,૫૦૦/- |
| ○ **આજીવન ડોનર સભ્ય** | : | રૂ. ૧,૫૦૦/- |
| ○ **આજીવન સભ્ય** | : | રૂ. ૭૦૦/- |
| ○ **વિદેશમાંના આજીવન સભ્ય** | : | ૧૫૦ ડૉલર (અમેરિકા અને કૅનેડા માટે)<br>૫૦ પાઉન્ડ (દુનિયાના અન્ય દેશો માટે) |
| ○ **વાર્ષિક સભ્ય**<br>[ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓમાં રહેનાર માટે ] | : | રૂ. ૧૦૦/– |
| ○ **વાર્ષિક વિદ્યાર્થી–સભ્ય**<br>[ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓમાં રહેનાર માટે ] | : | રૂ. ૫૦/– |
| ○ **બહારગામના વાર્ષિક સભ્ય**<br>[ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓ સિવાયના ભારતના અન્ય પ્રદેશોમાં રહેનાર માટે ] | : | રૂ. ૧૨૫/– |

[ દરેક પ્રકારના વાર્ષિક સભ્ય માટે અરજી ફી રૂ. ૧૦/– ]

*

## આજીવન સભ્યો

લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટે આજ સુધીમાં [૩૦ જૂન, ૧૯૯૩] નોંધેલા વિવિધ વિભાગના સભ્યો :
૬૫ પેટ્રન * ૩૪ ડોનર
૫૬૧ આજીવન સભ્યો : ૨૦૦ આજીવન સહાયક સભ્યો

## સંસ્થાનાં પ્રકાશનો

સંસ્થાએ આજ સુધીમાં ૧૪૯ પ્રકાશનો કર્યાં છે. પેટ્રન, ડોનર, આજીવન સભ્યોને સંસ્થાનાં પ્રકાશનો ભેટ અપાય છે.

અમદાવાદ – ગાંધીનગર જિલ્લાઓ સિવાયના પ્રદેશોમાંના વાર્ષિક સભ્યોને, એમના સભ્યપદના વર્ષ દરમ્યાન પ્રગટ થયેલાં પ્રકાશનો ભેટ અપાય છે.

ઇન્સ્ટિટ્યૂટનાં પ્રકાશનો ખરીદવા ઇચ્છતા વાર્ષિક સભ્યોને ૨૫ ટકાનું ખાસ વળતર આપવામાં આવે છે.

* * *

ઇન્સ્ટિટ્યૂટ વિષે વધુ માહિતી તથા સભ્યપદ અંગેની વિગતો વગેરે માટે પત્ર-વ્યવહારથી કે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે : શ્રીમતી મીનાક્ષી જ. શાહ, વહીવટી સચિવ, હૅરલ્ડ લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ, 'પ્રગતિ' આઉટ હાઉસ, મહારાષ્ટ્ર સોસાયટી, એલિસ બ્રિજ, અમદાવાદ – 380 006 [ ફોન : 441482
• કામકાજનો સમય : રવિવાર સિવાય રોજ સાંજે ૪ થી ૭ ]

*

"જે વર્ષો આવી રહ્યાં છે તેમાં અમારામાં જે વિશ્વાસ મૂકવામાં આવ્યો છે તેને શક્ય તેટલા યોગ્ય બનવા માટે અમે જ્ઞાનમાં થઈ શકે એટલી અભિવૃદ્ધિ કરીશું. અમે એમ કરીશું તે કંઈ અમારા વિદ્યાર્થીઓના ચિત્તમાં કોઈ ખાસ સિદ્ધાન્તો કે પ્રતિબદ્ધતાઓ દાખલ કરવાની અભિલાષા કે ખ્યાલથી નહીં, પરંતુ એમની ચેતનામાં જે કંઈ ઉભરાવા લાગ્યું હોય તેને કારણે તેઓ વધારે ભર્યું ભર્યું અને પૂર્ણ જીવન જીવવાને શક્તિશાળી બને તેવા અભિલાષથી. અમારી મહત્ત્વાકાંક્ષા અમે જે મહાન વિષયની આરાધના કરી રહ્યા છીએ તેને વિશે તેમનામાં મૂંગો ભક્તિભાવ પ્રેરવાની છે. વિચારતત્ત્વની આરાધના એ મનુષ્ય જેને આયુષ્ય સમર્પી શકે તેવા વ્યવસાયોમાં પણ સર્વોત્તમ છે એવું માનવા જેટલા યુવાન અમે આજે પણ છીએ. આ પ્રમાણે વિચારવા માટે બીજાઓને અનુરોધ કરવા અમે જે પ્રયાસો કરીએ તેને આધારે અમારું મૂલ્યાંકન થાય એવું અમે માગીએ છીએ."

**હેરલ્ડ જોસફ લૅસ્કી**

(તા. ૨૨ ઑક્ટોબર ૧૯૨૬ને રોજ
લંડન સ્કૂલ ઑફ ઈકોનૉમિક્સ ઍન્ડ
પોલિટિકલ સાયન્સમાં અપાયેલા મંગલ
પ્રવચનમાંથી)

6

*

"સત્ય એ જ ઈશ્વર છે. એટલે તમે જેને એમાં તમારા અંતઃકરણને તમારું રાહબર થવ સાધના; અને, તે માટે જરૂર છે સહિષ્ણુતાની

Library IIAS, Shimla
GJ 891.478 B 469 H
00130207

**ગણેશ વાસુદેવ માવળંકર**

(લૅસ્કી ઇન્સ્ટિટ્યૂટના મુલાકાતીઓની પોથીમાંથી.
તા. ૧૫ ઑગસ્ટ ૧૯૫૪)

SABARMATI ASHRAM
000933 Ahmedabad
HEROLD LASKI GUJ.
MRP: Rs. 25

સાહિત્ય મુદ્રણાલય અમદાવાદ – ૨૨